

જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું ?

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# "ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે"

—પૂજ્ય બહેનશ્રી

[ સાતિશય પ્રતાપવંત, સ્વાનુભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરણામૂર્તિ અનંત-ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી કલ્યાણવર્ષિણી જન્મજયંતીનો પાંચ દિવસીય મહોત્સવ સુવર્ણપુરીમાં વઢવાણ નિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા, હસ્તે શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા (પ્રમુખશ્રી, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ) તરફથી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાની જોરદાર તૈયારી ચાલી રહી છે. એવા આ મહોત્સવ-પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સંબંધી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં ભક્તિભાવભીના હૃદયોદ્‌ગાર :— ]

* ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો યોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે.

* પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

* અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ

[ અનુસંધાન જુઓ...પાનુ ૩૭ પર ]

માર્ગપ્રકાશક

# ગુરુ-કહાન : ઉપકાર મહાન

* જેવી રીતે ભવ્યજીવોના આત્મોદ્ધારનું ઉપાદાન તૈયાર થતાં તીર્થંકરનો યોગ બને જ;
તેવી રીતે મુમુક્ષુજીવોના આત્મોદ્ધારની યોગ્યતા તૈયાર થતાં, સીમંધરસ્વામીની ધર્મસભામાં દિવ્યધ્વનિનું શ્રવણ પાન કરીને ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીનો ભારતમાં યોગ બન્યો.

* જેવી રીતે ભવ્યજીવોના ભવાંત માટે વિના પ્રયત્ને ભગવાનની દેશના છૂટે અને ગામોગામ વિહાર થાય;
તેવી રીતે મુમુક્ષુઓના મિથ્યાત્વ-નાશ અર્થે ૪૫-૪૫ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીનો અકારણ કરુણાથી અધ્યાત્મ-અમૃત-વાણીનો ધોધ વરસ્યો ને દેશ-વિદેશમાં વિહાર થયો.

* જેવી રીતે ભગવાનના સમવસરણમાં આવનાર સર્વે ભવ્ય જ હોય;
તેવી રીતે આવા હુંડાવસર્પિણી પંચમકાળમાં જિજ્ઞાસાથી બહુમાનપૂર્વક ગુરુવાણીનું શ્રવણ-મનન-ચિંતન કરનારા મુમુક્ષુઓ અલ્પકાળે મોક્ષ જનાર ભવ્ય જ હોય.

* જેવી રીતે ભગવાનની વાણીનું શ્રવણ કર્યાં પહેલાં જ અભિમાનીનું માન ગળી જાય ને ભગવાનનો ભક્ત બની જાય;
તેવી રીતે ગુરુવાણીનું સાક્ષાત્ શ્રવણપાન કર્યાં પહેલાં જ ગુરુદર્શનમાત્રથી વિરોધ કરનાર પણ ગુરુદેવનાં ભક્ત બની જતાં.

* જેવી રીતે ભગવાનને કેવળજ્ઞાનમાં ભાસે તેવું જ તેઓની વાણીમાં આવે, વાણી ભગવાનના જ્ઞાન-અનુસારિણી જ હોય;

તેવી રીતે ગુરુકહાનને જેવું સ્વાનુભૂતિમાં ભાસ્યું તેવું જ તેઓની વાણીમાં આવ્યું. દેશના સ્વાનુભવ-અનુસારિણી જ આવતી તેથી તેઓશ્રીએ જે કાંઈ કહ્યું—ઉપદેશ્યું તે બધું સ્વાનુભવનો માર્ગ પ્રકાશનાર જ છે.

* જેવી રીતે ભગવાનની વાણીમાં જે આવે તેવું જ સત્ય ભવ્ય જીવો સમજી લ્યે; વાણીનો અર્થ સમજવા અન્યની જરૂર ન પડે તેમ જ અન્યથા સમજે એવું પણ ન બને;

તેવી રીતે ગુરુ-કહાનની ધોધમાર વરસતી દેશનામાં જે કાંઈ આવ્યું તે આત્માર્થી મુમુક્ષુઓ સમજી લેતાં; વાણીનો કોઈ એવો સાતિશય પ્રભાવ હતો કે આત્માર્થી મુમુક્ષુઓ ને સમજવામાં પરાધીનતા કે મુંઝવણ ન થતી.

* જેવી રીતે દેવ હો, મનુષ્ય હો કે તિર્યંચ હો—બધાય ભગવાનની વાણી સમજી લેતાં; સમજવામાં કોઈ ને કઠિનાઈ ન પડે એવો જ વાણીનો ચમત્કારિક પ્રભાવ હોય;

તેવી રીતે ચાર ચોપડી ભણેલો હો, અભણ હો કે વૃદ્ધ હો, કોઈને પણ ગુરુવાણીનું હાર્દ સમજવામાં કાંઈ પણ મુંઝવણ ન થતી એવો જ કોઈ ગુરુવાણીનો ચમત્કારિક પ્રભાવ છે.

* જેવી રીતે ભગવાનની દિવ્યધ્વનિ છૂટવી શરૂ થયા બાદ ભગવાન મોક્ષ પ્રાપ્ત કરે ત્યાં સુધી દિવ્યધ્વનિ નિયમિત છૂટતી જ રહે;

તેવી રીતે ઉપકારી કહાનગુરુની અધ્યાત્મ-અમૃત-વાણીનો લાભ તેઓશ્રીના સ્વર્ગારોહણ પર્યંત ૪૫-૪૫ વર્ષો સુધી મુમુક્ષુઓને એક ધારો મળતો રહ્યો હતો.

* જેવી રીતે ભગવાનની દિવ્યધ્વનિનું શ્રવણપાન કર્યાં બાદ કોઈ ભવ્ય જીવોને વિશેષ સ્પષ્ટીકરણ સમજવું હોય તો ગણધરદેવો, આચાર્યદેવો ને મુનિરાજોનો યોગ હોય જ;

તેવી રીતે કહાનગુરુની અધ્યાત્મ-અમૃત-વાણીનું શ્રવણપાન કર્યાં બાદ, તેઓશ્રીની અનુપસ્થિતિમાં કોઈ આત્માર્થી જીવોને વિશેષ સ્પષ્ટીકરણ સમજવાની જિજ્ઞાસા હોય તો પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી વિગેરેનો યોગ બન્યો.

* જેવી રીતે ભગવાનની ધર્મસભામાં ઇન્દ્ર, ચક્રવર્તી અને અનેક મહા પ્રતાપી-પુણ્યવંત રાજાઓ આદિની ઉપસ્થિતિ હોય છે;

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભામાં સમાજના પ્રતિષ્ઠિત, પુણ્યવંતો, ધીમંતો-શ્રીમંતો ને વિદ્વત્જનોની ઉપસ્થિતિ રહેતી.

* જેવી રીતે ભગવાનના મોક્ષ પછી પણ ગણધરદેવોથી માંડીને ધર્મધૂરંધર આચાર્યદેવો પર્યંત પરંપરાએ ભગવાનની વાણી ટકી રહે છે;

તેવી રીતે ગુરુ-કહાનની વાણી પંચમ-આરાના અંત સુધી તેઓશ્રીના ટેપ-પ્રવચનો ને પ્રવચન-સાહિત્ય દ્વારા પંચમ આરાના અંત સુધી ટકી રહેશે.

* જેવી રીતે ભગવાનની ગેરહાજરીમાં પણ ધર્મકાળ વર્તે ત્યાં સુધી તે તીર્થંકર ભગવાનનું શાસન કહેવાય છે;

તેવી રીતે ગુરુદેવશ્રીની ગેરહાજરીમાં પણ અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ પંચમ-આરાના અંત સુધી

માર્ગપ્રકાશકના રૂપમાં અધ્યાત્મજગતમાં સદાય
ગૂંજતું રહેશે.

* જેવી રીતે તીર્થંકર ભગવાન એકલા મોક્ષે જતાં નથી પરંતુ
તેમની સાથે થોકના થોક જીવો મોક્ષે જાય છે;
તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષે
પધારશે ત્યારે થોકના થોક જીવો મોક્ષ પામશે જ અને
તે વર્તમાનના આ મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય હશે.

—આમ, જેઓએ મુમુક્ષુસમાજ ઉપર તીર્થંકરની જેમ અનંત
ઉપકારવર્ષા વરસાવી છે એવા ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીની
૧૦૪મી જન્મજયંતી પ્રસંગે, તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વ-
જ્ઞાનની ગહન ઉપાસનામાં જીવન વ્યતીત કરવાની કટિબદ્ધતા-
પૂર્વક, તેઓશ્રીના અકારણ અનંત ઉપકારના સ્મરણ સહિત
તેઓશ્રીના ચરણોમાં મુમુક્ષુસમાજ વતી કોટિ કોટિ વંદન.

—સંપાદક

---

મંગલ આશીર્વચનો :

### * તું પરમાત્મપણે પરિણમીશ જ *

અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને
લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો
ભગવાનને અનુસરીને તને આ કહીયે છીએ માટે તું નિઃસંદેહ
થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને
લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે-પણે પરિણમવાને
લાયક જ છો.

અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના
જીવ પરિણમવાને લાયક નથી એમ નથી, તો પછી તું જિજ્ઞાસાથી
આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ
નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર
નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને
ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ
છો એમ નિઃસંદેહ થા!

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૧૦
[ ૫૯૪ ]

વીર સંવત ૨૫૧૯
સં. ૨૦૪૯
APR.
A. D. 1993




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ઉપકારમૂર્તિ, સ્વાનુભવવિભૂષિત, પુરુષાર્થપ્રેરક, તારણહાર
ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

## 卐 ૧૦૪ અધ્યાત્મપુષ્પો 卐

* પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ-અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં, જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ, તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! વિશ્વાસ કરજે. પ્રભુ! અંદર વિશ્વાસ કરજે કે આ આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધપદને થવાને લાયક છો હો! તેથી તમારામાં એમ સિદ્ધપણું સ્થાપીયે છીએ અને અમે એ વાત શરૂ કરીએ છીએ એટલે કે તારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે. ૧.

* ભાઈ ! તારે પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો
પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે અને
પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું.
તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી
પુદ્ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે
નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા
અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી
પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં
પરિણમનારો હું છું-એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત
વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી
પુદ્ગલ છે પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપ થશે તેના સ્વામીપણે નહીં
પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. ૨.

* ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો
કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ
નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું
હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા !
ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી
જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે—એ જ્ઞાનની
દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન
નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો
વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ?
વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે
જાણ ને ! આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે ! તો
પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ
ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો.
જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો
સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ ! ૩.

* શ્રી સમયસારની ગાથા ૧૦૯-૧૧૨માં કહે છે કે હે જ્ઞાનના

ઇચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવ કર્મને જો કરે તો ભલે કરે! જીવને તેમાં શું આવ્યું? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા! ૪.

* મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ઇન્દ્ર ને ચક્રવર્તીના વૈભવની તો શું વાત! પણ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક નિર્મળ પર્યાય તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે મારી નથી. પરદ્રવ્યો તો મારા નથી જ, અંદર રાગાદિભાવ થાય તે પણ મારા નથી જ, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી જે મને નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેની પણ મને કાંઈ વિશેષતા નથી. મારો દ્રવ્યસ્વભાવ તો અગાધ, અગાધ છે, તેની પાસે નિર્મળ પર્યાયની વિશેષતા શું? દયા-દાન- ભક્તિ આદિના શુભ રાગની તો શું વાત! પણ અનંત શક્તિમય અગાધ ચૈતન્યસ્વભાવ પાસે પ્રગટ થયેલ નિર્મળ પર્યાયની પણ વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય?–કે ચૈતન્યનો અપાર અપાર મહિમા લાવી, નિમિત્તથી, રાગથી, પર્યાયથી બધાથી પાછો વળીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે પ્રગટ થાય આહાહા! ૫.

* આ સમયસાર! ઓહોહો! જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું! જેણે જગતને ભગવાન ભેટ આપ્યો છે એ સમયસારની ૮૯મી ગાથામાં પાંચમાં બોલમાં કહે છે કે અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતો નથી. આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. જેને અક્ષય અમેય કહેવાય છે એવી પર્યાયને અવ્યક્ત સ્પર્શતું નથી તેને હે શિષ્ય! તું જાણ.

જાણ કહેતાં પર્યાય સિદ્ધ થઈ પણ જાણે કોને ?-કે જે પર્યાયને સ્પર્શતું નથી એવા અવ્યક્તને જાણે. ૬.

* ત્રિકાળી શુદ્ધ જીવ ચૈતન્યપ્રભુ કે જેની પર્યાયમાં વિકાર હોવા છતાં શુદ્ધ જીવ પ્રગટ થાય છે; પોતાનો જે અબંધસ્વભાવ જ્ઞાયકભાવ પ્રમત્ત –અપ્રમત્ત દશાથી રહિત છે તે શુદ્ધ જ્ઞાયકભાવનો સમ્યગ્દર્શનમાં સ્વીકાર કરીને શુદ્ધ જીવ પ્રગટ થાય છે. તે સુખી છે અને જે વિકાર અને તેના ફળ તે હું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, દુઃખી છે, દુઃખનું ભોજન કરે છે. ૭.

* હું તો જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છું, જાણવું–દેખવું એ મારું કાર્ય છે. વિકારના પરિણામને અડયા વિના સ્પર્શ્યા વિના મારા જ્ઞાનની હયાતીને લીધે હું તેને જાણું છું. કોઈ પણ રીતે રાગાદિ એ મારું કાર્ય નથી, એ રીતે બધી તરફથી કર્તાકર્મની પ્રવૃત્તિ શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, સ્ફુરાયમાન થાય છે. કર્તાકર્મમાં અજ્ઞાનીને વિકાર સ્ફુરાયમાન હતા, ચૈતન્યજ્યોતિની અંતર્દૃષ્ટિ થતાં જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે, એ મારું કાર્ય છે. ૮.

* જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું, –એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય–પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે. તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે. ૯.

* કરવા-ફરવાનું છે જ કયાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું ? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે. ૧૦.

* જે અંદર જ્ઞાયકભાવ પ્રભુ છે તેમાં દયા–દાન–વ્રતના પરિણામ નથી, એ તો નથી પણ જેમાં અપ્રમત્ત કે પ્રમત્ત દશા પણ નથી એવો જ્ઞાયકભાવ છે. જાણક જાણક જાણક ચૈતન્ય ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકભાવ છે.

સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયકભાવ છે, એ જ્ઞાયકભાવ અપ્રમત્ત કે પ્રમત્ત પણ નથી. જ્ઞાયકભાવમાં ૧૩ મું કે ૧૪ મું ગુણસ્થાન પણ નથી. જેમ તેલનું ટીપું પાણીના દળમાં પ્રવેશ કરતું નથી તેમ જ્ઞાયકદળમાં પ્રમત્ત–અપ્રમત્ત દશા નથી, કેમ કે જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત-અપ્રમત્તરૂપ થતો નથી. ૧૧.

* જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર–દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે. ૧૨.

* રે દુરાત્મન્ ! હે દુષ્ટ આત્મા !! અરે તું શું માને છે ! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો ! તારી દૃષ્ટિ મૂઢ છે. રાગમાં સુખબુદ્ધિ છે તેથી આનંદકંદ પ્રભુ ઢંકાઈ ગયો છે. રાગના વિકલ્પમાં સુખ છે, મજા છે એમ માનનારને સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. બીજી રીતે રાગ છે તે અજીવ છે, એ અજીવભાવમાં રોકાવાથી તેને જીવભાવ ઢંકાઈ ગયો છે. રાગને જે દેખે છે તે અજીવને દેખે છે, અચેતનને દેખે છે. રાગ છે તે ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ નથી એ કારણે રાગને અચેતન કહીને પુદ્ગલ કહ્યું છે. સાંભળવાનો જે રાગ છે એ રાગ પણ પુદ્ગલ છે. એ ચૈતન્યસ્વભાવથી વિપરીત સ્વભાવ છે. હે દુરાત્મન્ ! તું એ પુદ્ગલને તારો કેમ માને છે? ૧૩.

* પરમપારિણામિકભાવલક્ષણ જે પરમાત્મા તે હું છું, તેની દૃષ્ટિ કરવાથી જન્મ–મરણનો અંત આવશે. શું કરવું ?–કે નિજપરમાત્મા છે ત્યાં દૃષ્ટિ કરવી. પરવસ્તુ, રાગ અને પર્યાયની દૃષ્ટિ છે તે બહિર્મુખ દૃષ્ટિ છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેને પોતાની માનવી તે બહિર્દૃષ્ટિ છે. પ્રભુ ! તું કોણ છે એ તને ખબર નથી. તેથી અહીં કહે છે કે જેને ધર્મ કરવો હોય, કલ્યાણના પંથે આવવું હોય, તેને પહેલાંમાં પહેલો આત્માને જાણવો. મંદિર, પ્રતિષ્ઠામહોત્સવ આદિ શુભભાવ હોય, પણ તે

સાધન નથી. પ્રજ્ઞાછીણી એ સાધન છે. કેમ કે સકલ નિરાવરણ આત્મવસ્તુ અને રાગ એ બે વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા નથી, તેથી ત્યાં સાવધાનીપૂર્વક પ્રજ્ઞાછીણી પટકવાથી બે ભિન્ન થઈ જાય છે. ૧૪.

* સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. સર્વજ્ઞ પરમાત્મા સૌને નિજ સત્તાએ શુદ્ધ દેખે છે અને સર્વજ્ઞની જેમ સૌ પોતાને નિજસત્તાએ શુદ્ધ દેખે તો તેને તેવો જણાય. આ થોડા અક્ષરમાં ભગવાન આત્માનું આખું સ્વરૂપ આવી જાય છે. અહીં કહે છે કે આવો ભગવાન આત્મા સૌને સદાકાળ જણાય છે છતાં જણાતો કેમ નથી? જ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે કે આખા ભગવાન આત્માને જાણે. જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી?—કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જોવે છે તેથી પોતે જણાતો નથી. ૧૫.

* પરમ સત્ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન દ્રવ્ય અન્ય દ્રવ્યોથી તો પૃથક્ છે પણ પર્યાયના ભેદોથી પણ અભેદ વસ્તુ પૃથક્ છે એમ પહેલાં નિર્ણય તો કર! અરેરે! ૮૪ના અવતારમાં અનંત અનંત ભવો કર્યાં ને તે દેખનારને રુદન આવે એવા દુઃખો તેં સહન કર્યાં, તે દુઃખોને મટાડવા હોય તો આ કરવા જેવું છે કે જેનામાં જન્મ-મરણ તો નથી, તેના દુઃખો તો નથી પણ પર્યાયના ભેદો પણ નથી એવા નિર્વિકલ્પ જ્ઞાનઘન સ્વદ્રવ્યને શ્રદ્ધવો, દેખવો. ૧૬.

* જેમ દીવો ઘટપટને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે તે ઘટપટાદિરૂપ થયો નથી પણ દીવારૂપ છે. દીવો સ્વને પ્રકાશવામાં પણ દીવો છે ને પરને પ્રકાશવામાં પણ તે દીવો છે. તેમ જ્ઞાયકભાવ રાગને ને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક જ છે ને પોતાને પ્રકાશવાના કાળે પણ જ્ઞાયક જ છે. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું છે એવા સમકિતીને રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, તેથી રાગ કર્તા ને જ્ઞાન કાર્ય છે તેમ નથી સ્વ અને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એવા જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને હે શિષ્ય! તું જાણ. ૧૭.

* ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં

વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે. ૧૮.

* આહાહા! પોતાની જ્ઞાનની પર્યાય પણ જ્ઞાયકને પરજ્ઞેય છે. ભાવેન્દ્રિય છે એમ સિદ્ધ કરે છે, વ્યવહારનયનો વિષય છે એમ સિદ્ધ કરે છે, પણ વિશ્વાસમાં આવનાર, ભરોંસામાં આવનાર જ્ઞાયકથી તે ભિન્ન છે. વ્રત તપ આદિના વિકલ્પ આત્મા નહીં ને આત્મામાં તે નહીં પણ અહીં તો કહે છે કે ખંડખંડ જ્ઞાનની પર્યાય કે જે પોતાની છે તે પણ જ્ઞાયકથી સર્વથા ભિન્ન છે. ક્ષયોપશમનો અંશ જે ખંડખંડ જ્ઞાન, પ્રભુ! એ તારી ચીજ નહીં ત્યારે તું કોણ છો?–કે અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવ તું છો. એના દ્વારા ભાવેન્દ્રિયને તું સર્વથા ભિન્ન જાણ. ત્રણલોકનો નાથ પ્રભુ તું છો, એના અવલંબન દ્વારા ભાવેન્દ્રિયને પોતાથી સર્વથા ભિન્ન જાણ. ૧૯.

* એક ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જે જીવ જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી જીવને રખડવું મટતું નથી. જે ત્રિકાળી ચીજ છે તેમાં તો એક સમયની પર્યાય પણ નથી. જે ભેદમાં ને વિકલ્પમાં રોકાશે તે જીવને ત્યાં સુધી આત્મા હાથમાં–જ્ઞાનમાં નહીં આવે. પ્રભુ! એક વાર સાંભળ, બધું મૂકીને એક વાર નિર્વિકલ્પતત્ત્વ જો! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજૂદ બિરાજમાન છે તેની નજર કર બાપુ! ૨૦.

જેમ માટી કાર્ય નથી પણ ઘડો કાર્ય છે, ઘડો કાર્ય છે તેથી કર્તા વિના થાય નહીં. ઘડો કાર્ય છે ને માટી કર્તા છે. કુંભાર કર્તા નથી. સમયસાર ૩૭૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે કુંભારથી ઘડો થાય છે એમ તો અમે દેખતા નથી. કુંભાર ઘડાનો કર્તા છે જ નહિ.

માટી પોતાના સ્વભાવને નહીં ઉલ્લંઘતી હોવાથી માટી જ ઘડાનો કર્તા વિના હોય નહીં તેથી માટી કર્તા ને ઘડો કાર્ય છે. તેમ વિકાર કાર્ય છે માટે તે કર્તા વિના હોય નહીં; તેથી વિકાર છે તે જીવ અને પુદ્ગલ એમ બે દ્રવ્યની કરતુતિ–કાર્ય નથી, પણ જીવદ્રવ્યનું કાર્ય છે. કોઈ એમ કહેશે કે રાગાદિ કાર્ય અને તેનો કર્તા એ જીવ અને પુદ્ગલ છે. તેનું સમાધાન એમ છે કે રાગાદિનું અંતરંગ કારણ તો જીવ પોતે જ છે, બાહ્ય કારણ–પુદ્ગલકર્મ તો નિમિત્તમાત્ર છે, નિમિત્તમાત્ર ચીજ છે તે પરિણમાવતું નથી. ૨૧.

* નવ તત્ત્વોનો અનુભવ એ તો મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનથી ઉલટા એ પરિણામ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, એ ગુણનું વિપરીતપણે પરિણવું તેને મિથ્યાદર્શન કહે છે અને તે ભવભ્રમણનું કારણ છે. એ કારણના નાશને અર્થે ભગવાન આત્માને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. ભલે રાગદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો. એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે. ૨૨.

* બાળકથી માંડીને વૃદ્ધને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વ–પર-પ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. ૨૩.

* શુભાશુભ ભાવ છે તે જડ છે તેથી જો જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો જ્ઞાયકભાવ જડપણે થઈ જાય, પણ જ્ઞાયકભાવ જડરૂપે થતો જ નથી. જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપ અચેતનપણે થયો જ નથી. શુભાશુભ ભાવ છે તો આત્માની પર્યાયમાં, પણ તેમાં ચેતનનો અંશ નથી તેથી તે અચેતન છે અને જ્ઞાયકભાવ છે તે અચેતનરૂપ થયો નથી. ૨૪.

* કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા પણ એના ટીકાકાર પોકાર કરે છે, ટીકાકાર કહે છે કે અરે! અમે જેને કીધું એ શ્રોતા આ પોકાર કરે છે કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો હોવાથી મોહનો અંકુર પણ હવે ફરીથી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! શ્રોતા ક્યાં ભગવાન પાસે ગયો છે?—કે એ નિજ ભગવાન પાસે ગયો છે ને! તેથી પડવાની વાત મારે માટે નથી. શાસ્ત્રમાં પડવાની વાત આવે છે પણ એ તો જાણવા માટે છે, મારા માટે એ વાત નથી. આહાહા! જેણે શુદ્ધ દ્રવ્યનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા તેને પડવાની વાત હવે નથી! ૨૫.

* કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે. ૨૬.

* સ્વભાવદૃષ્ટિમાં રાગ આવતો નથી તેથી રાગના કાર્યને સ્વભાવથી જુદું પાડીને તેનો કર્તા દૃષ્ટિપ્રધાન કથનથી પુદ્ગલકર્મને કહ્યું અને જ્ઞાનપ્રધાન કથનમાં પ્રવચનસારની ૪૭ નયોના અધિકારમાં રાગના પરિણામ

જીવમાં થતા હોવાથી જ્ઞાનીજીવને રાગનો કર્તા કહ્યો છે. પંચાસ્તિકાય ગાથા ૬૨ માં કહ્યું છે કે દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધાદિના શુભાશુભ પરિણામ થાય છે તેને કર્મની તો અપેક્ષા નથી પણ જીવ દ્રવ્યની અપેક્ષા વિના રાગાદિ વિકાર પરિણામ પર્યાયના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થાય છે. જ્યાં જે વિવક્ષાથી કથન હોય તે સમજવું જોઈએ. ૨૭.

* જ્ઞાનીને જે રાગદ્વેષ થતા દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા-થતા ભક્તિ-પૂજા, વ્રત-તપ આદિના રાગના પરિણામમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મીજીવ વ્યાપક થઈને કર્તા થતા નથી. આહાહા ! જ્ઞાનીની અંતરદશા અદ્ભૂત છે. ૨૮.

* પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું ? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું ? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું-લાવું એવા વિકલ્પથી પણ શું ? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધપર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. ૨૯.

* શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે. ૩૦.

* ભૂત-ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી માટે એ પર્યાયની અપેક્ષાએ તો અવિદ્યમાન જ છે, પણ જ્ઞાને તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ કરી માટે ભૂતાર્થ કહ્યું છે, તો આ ભગવાન આત્મા તો વર્તમાન ભૂતાર્થ

છે, સકળ નિરાવરણ અખંડ એકરૂપ પ્રત્યક્ષ-પ્રતિભાસમય વર્તમાનમાં ભૂતાર્થ છે, તો એ ભગવાન આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? વર્તમાનમાં છે અને તેનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે તો એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય? જરૂર થાય. પણ એની મહિમા લાવતો નથી, તેને દૃષ્ટિમાં લેતો નથી, તેની આવડી મોટી હયાતીને સ્વીકારતો નથી. ૩૧.

* જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ખરેખર તો સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું જ નથી. આત્મા શરીરને અડતો જ નથી કે હાથ-પગને હલાવતો નથી. શરીર જમીનને અડતું જ નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાની હા પાડતાં, લત પડતાં હાલત થાય છે. ૩૨.

* શરીર તો એકબાજુ રહી ગયું પણ ખંડખંડ જ્ઞાન જે પર્યાયમાં હોય છે એ પણ જ્ઞાયકનું પરજ્ઞેય છે. તે ભાવેન્દ્રિયને કેવી રીતે જીતવામાં આવી કહેવાય? કે પ્રતીતિમાં આવતી અખંડ એક ચૈતન્યશક્તિ, ત્રિકાળી જ્ઞાયકશક્તિ, ધ્રુવશક્તિ તેના વડે જે ભિન્ન છે તેને સર્વથા પોતાથી ભિન્ન કરવાથી ભાવેન્દ્રિયનું જીતવું થાય છે. રાગ ને પુણ્ય–પાપના વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ પણ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમનો અંશ પ્રગટ છે એ ભાવેન્દ્રિયને પ્રતીતિમાં આવતાં અખંડ એક જ્ઞાયકપણા વડે સર્વથા ભિન્ન જાણો—એનું નામ ભેદવિજ્ઞાન છે. ૩૩.

* આત્મામાં અનંતા ગુણો છે તે વીતરાગભાવે છે. અનંતા ગુણોમાં વીતરાગતા ભરી છે, રાગ ભર્યો નથી. તેથી આત્મા રાગનું કારણ નથી કે રાગનું કાર્ય પણ નથી. અનંત અનંત અનંત અનંત ગુણો છે એ બધા વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ ગુણોનો ધરનાર વીતરાગી ભગવાન આત્મા વીતરાગી પર્યાયનું કારણ છે પણ રાગની પર્યાયનું કારણ નથી. તેમ એ રાગની પર્યાય વીતરાગી પર્યાયનું કારણ નથી. જે રાગ ઉત્પન્ન થાય છે એ અદ્ધરથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાય-બુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ

તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનુ કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધીન થઈને અંદરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી. ૩૪.

* પ્રભુ! તું ક્યાં છો તેની તને ખબર નથી. બહારમાં ખોવાઈ ગયો. જ્યાં છો ત્યાં આવ્યો નહીં ને જ્યાં તું નથી ત્યાં આકર્ષાઈ ગયો. પૈસાદિ બાહ્યચીજમાં વિસ્મય પામ્યો પણ જેનું વર્ણન કેવળી પરમાત્મા પણ પૂરું ન કરી શક્યા એવા ભગવત્ સ્વરૂપ નિજ પરમાત્માની તને વિસ્મયતા ન આવી, મહિમા ન આવી અને પૈસા-પુત્ર આબરુ આદિમાં આકર્ષાઈ ગયો. બાપુ! તને આ ભૂતાવળ ક્યાંથી લાગી? તેથી કરુણાથી સંતો કહે છે કે ભાઈ! તારે કલ્યાણ કરવું હોય તો પ્રથમમાં પ્રથમ આત્માને જાણ. એક સમયની શુભાશુભભાવની પર્યાય એ તો વિકૃત ભાવ છે ને ભગવાન આત્મા અવિકૃતસ્વરૂપ છે. દૃષ્ટિને અંદરમાં લઈ જવી, જ્યાં ભગવાન આત્મા છે ત્યાં જવું. જેમ રાત્રે સૂતી વખતે જોવે કે એક દિકરીની પથારી હજી ખાલી છે તો કેમ નથી આવી? ૦ાા-૧ કલાક દિકરી મોડી આવે ત્યાં તો તેને શોધવા ગોતાગોત કરવા લાગી જાય. તો ભાઈ! આ તારા આત્માને શોધવા કેમ પ્રયત્ન કરતો નથી? ૩૫.

* સર્વજ્ઞના અસ્તિત્વને પર્યાયમાં સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે. સિદ્ધનું લક્ષ કરીને સાંભળજે તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું—મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો! અને તું પણ તેમ જોઈ શકે છે! આહાહા! 'वंदित्तु सव्वसिद्धे' નો આ ભાવ તો જુઓ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. અને સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે. ૩૬.

* ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે તેની મૌજુદગી નહીં

સ્વીકારીને જે પુણ્ય-પાપનો વિકૃતભાવ છે તેને સ્વીકાર છે તેને રાગાદિ ઉપાદેય ને આત્મા હેય થયો છે, બીજી રીતે કહીયે તો તે મરણતુલ્ય થઈ રહ્યો છે. બહારના પ્રેમમાં અંતરની ચીજ ઢંકાઈ ગઈ છે. પ્રભુ ! તું અંતરમાં તો સકલ નિરાવરણ પરમાત્મા છો. દ્રવ્યથી તો અંશેપણ તને આવરણ નથી છતાં રાગાદિના પ્રેમથી ભગવાન આત્મા ઢંકાઈ જવાથી મરણતુલ્ય થઈ રહ્યો છે. ૩૭.

* વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. ૩૮.

* નિમિત્ત તારામાં છે નહીં, વિકાર તારામાં છે નહીં પણ નિર્મળ પર્યાય પણ તારી ધ્રુવ ચીજમાં છે નહીં એમ દૃષ્ટિને અવ્યક્ત ઉપર લઈ જવી છે. વાત સૂક્ષ્મ છે પણ આ સમજ્યે છૂટકો છે, બાકી બધું થોથા છે. બાહ્ય ચીજ તો તારામાં છે જ નહીં, સ્ત્રી-પુત્ર આદિ તો તેના કારણે આવ્યા છે, તે તારામાં નથી ને તારા કારણે આવ્યા નથી પણ દયા-દાન આદિ કે હિંસા-જૂઠું આદિ એ પણ તારી ચીજમાં નથી. પરંતુ અહીં તો એમ કહે છે કે જે નિર્મળ પર્યાય છે તે ક્ષણિક છે, તે પણ તારામાં નથી. તેથી ક્ષણિક પર્યાય ઉપર નજર ન કર, પણ જ્યાં ધ્રુવ બિરાજે છે ત્યાં નજર કરને ! સુખી થવાનો આ એક જ માર્ગ છે. ૩૯.

* જ્યાં સુધી આત્માનું જ્ઞાન નથી તેટલો કાળ જીવ રાગાદિ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે એટલે કે ત્યાં સુધી અજ્ઞાનીજીવ કર્તા ને રાગાદિ કાર્ય એમ પરિણમે છે. જ્ઞાની રાગનો બિલકુલ કર્તા નથી પણ જ્યાં સુધી અજ્ઞાનીને આત્માનું ભાન નથી ને વિકારનો કર્તા પુદ્ગલકર્મ છે

એમ માને છે તેની સામે આ વાત છે કે જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી વિકારનો કર્તા જીવદ્રવ્ય છે. જીવદ્રવ્ય એટલે? ત્રિકાળ દ્રવ્ય તો શુદ્ધ ચિદ્ઘન આનંદકંદ જ છે, તે વિકારી કે અવિકારી પર્યાયનો કર્તા નથી તેથી અહીં જીવદ્રવ્યનો અર્થ તે સમયની જીવની પર્યાય કર્તા છે, કેમ કે પર્યાયના ષટ્કારકોથી પર્યાય કર્તા છે ને પર્યાય કર્મ છે. ૪૦.

* ભાઈ! તારું કર્તવ્ય તો આ છે. જો તારે હિત કરવું હોય તો, જો તારે રખડવું બંધ કરવું હોય તો છ માસ અભ્યાસ કર અને તું દેખ કે તારા હૃદયસરોવરમાં જેનો પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે એવો આત્મા તને પ્રાપ્ત થાય છે કે નહીં? જરૂર પ્રાપ્ત થશે. કેમ કે પોતાની અપ્રાપ્તિ કાંઈ શોભે? પૂર્ણાનંદ ચૈતન્ય વસ્તુને દેખ, છ-માસ તેનો અભ્યાસ કર ને જો કે તને એ આત્મા પ્રાપ્ત થાય છે કે નહીં? પ્રાપ્ત થાય જ. જેને જોવા માટે નજરની નજર છોડીને નિધાનને જોવા છ માસ અભ્યાસ કર્યો તો તેની પ્રાપ્તિ થશે જ, કેમ કે ન પ્રાપ્ત થાય એ એની શોભા નથી, પ્રાપ્ત થાય એ જ એની શોભા છે. ૪૧.

* અનંત કાળ પછી જે પર્યાય થશે તેનું જ્ઞાન કેવળજ્ઞાનમાં સીધું થાય છે. આહાહા! વિચારકોને વિચાર ને મંથન કરવાની આ વાત છે. એમ ને એમ માની લે એ કાંઈ ચીજ નથી. જ્ઞાનનો એવો જ કોઈ અચિંત્ય સ્વભાવ છે કે જે પર્યાય થઈ ગઈ ને જે થશે તેને સીધું જાણી લે છે. આ વર્તમાન છે માટે ભવિષ્ય હશે ને વર્તમાન છે માટે ભૂત હતું— એમ નહિ, પણ તેને સીધું જાણી લે છે. આહાહા! ધન્ય ભાગ્ય કે વીતરાગની આવી વાણી મળી! ૪૨.

* ભગવાનની વાણીને ૩૧ મી ગાથામાં ઇન્દ્રિય કહી છે. ઇન્દ્રિય દ્વારા અણઇન્દ્રિય જણાય નહીં, કેમ કે પાંચ ઇન્દ્રિયોના વિષયના વ્યાપારથી પ્રભુ રહિત છે. આવી વાત છે પણ નવરાશ ન મળે, સાંભળવા ને વિચારવા વખત પણ ન મળે! અરેરે! ભગવાન તું પરિપૂર્ણ છો તેવી પ્રતીતિ લાવ ભાઈ! દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા એ તો રાગ છે, તેનાથી પાર, શુદ્ધ અતીન્દ્રિય આનંદનો પિંડ ભગવાન છે. તે મન-વચન-કાયાથી તો મળે તેવો નથી, દ્રવ્યકર્મ-નોકર્મથી મળે તેવો નથી પણ પુણ્યના ભાવથી પણ

મળે તેવો નથી. કેમ કે ભાવકર્મથી રહિત આત્મા છે. ભાવકર્મ એટલે વિકલ્પની વૃત્તિ, ભલેને ભગવાનના સ્મરણની કે વાંચન આદિની વૃત્તિ હોય પણ તે ભાવકર્મ છે, વિકાર છે, તેનાથી પ્રભુ ભિન્ન છે. વસ્તુ છે, જેની અસ્તિ છે, હયાતી ધરાવતું જે આત્મતત્ત્વ છે, તે દ્રવ્યકર્મથી ભિન્ન છે અને બાહ્ય નિમિત્તો જે નોકર્મ તે બધાથી ભિન્ન છે. ૪૩.

* આહાહ! ! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ ! કેવો અગમ્ય છે ! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જિન સ્વરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી થઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ-પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક-ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. નવ-તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપે દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી, આર્ત્ત-રૌદ્ર ધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી. આહાહા ! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી-એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીરસ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહીં, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય છે. ૪૪.

* જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું હસ્તાવલંબ—નિમિત્ત જાણીને ઘણો કર્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. જિનવાણીમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું ત્યાં નિમિત્તને વળગ્યો; પણ તેનું ફળ સંસાર છે. વસ્તુ

પૂર્ણાનંદપ્રભુ છે તેની દષ્ટિ કરાવવા તે સત્ય છે ને રાગના આશ્રયે સમ્યગ્દર્શન
થતું નથી તેથી તે છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી તેમ
કહ્યું છે. ત્રિકાળી જ્ઞાયકભાવની દષ્ટિ કરાવવા તે જ સત્ય છે ને પર્યાય
હોવા છતાં તેની દષ્ટિ છોડાવવા તેને ગૌણ કરી નથી તેમ કહ્યું છે. એમ
કેમ કહ્યું ?–કે વ્યવહારનો પક્ષ તો અજ્ઞાનીઓને અનાદિથી છે તથા પરસ્પર
વ્યવહારનો ઉપદેશ પણ કરે છે અને જિનવાણીમાં પણ નિમિત્તનું જ્ઞાન
કરાવવા વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે, પણ એ ત્રણેનું ફળ તો સંસાર
છે. જૈન શાસ્ત્રોમાં વ્યવહારનો ઉપદેશ આવ્યો તેનો આશ્રય લઈને વ્યવહાર
સ્થાપે–વ્યવહારનો પક્ષ કરે પણ તેનું ફળ સંસાર છે. ૪૫.

* શુદ્ધનય એક જ ભૂતાર્થ છે, ભૂત અર્થાત્ છે...છે...છે, શુદ્ધનય
અથવા તો શુદ્ધનયનો વિષય એક જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. ત્રિકાળી
પરમાનંદની મૂર્તિ પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ શુદ્ધનય
છે, તે જ ભૂતાર્થ છે. જેમાં પર્યાયનો પણ અભાવ છે એવી ચીજને શુદ્ધનય
પ્રગટ કરે છે. વ્યવહાર અસત્‌ને એટલે કે ત્રિકાળીમાં નથી તેને બતાવે છે
માટે અભૂતાર્થ છે અને શુદ્ધનય પરમ વિદ્યમાન સત્ ત્રિકાળીને બતાવે
છે માટે ભૂતાર્થ છે. જે સકલ નિરાવરણ પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ છે તેને
શુદ્ધનય પ્રગટ કરે છે માટે તે ભૂતાર્થ છે. વ્યવહારનય છે તે પર્યાયને બતાવે
છે, પર્યાય છે ખરી, નથી એમ નથી, પણ તે નાશવાન હોવાથી, ત્રિકાળીમાં
ન હોવાથી તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહી છે. ૪૬.

* આ સાંભળવામાં પહેલી પાત્રતા જોઈએ. શ્રી પુરુષાર્થસિદ્ધ ઉપાયની
ગાથા ૭૪માં કહ્યું છે કે જિનવાણી સાંભળવાની પાત્રતામાં ત્રસનો ખોરાક
ન હોય. મધ, મદિરા, બે ઘડી પછીનું માખણ, માંસ તથા પાંચ ઉદંબર
ફળનો ખોરાક ન હોય. એવો ખોરાક હોય તે તો આ વાત સાંભળવાને
પણ પાત્ર નથી. ખરેખર તો રાત્રિ ભોજનમાં પણ ત્રસ હોય છે. ત્રસનો
ખોરાક આ સાંભળનારને ન હોય ભાઈ! રાત્રિનો ખોરાક પણ હોય
નહીં ભાઈ! જેમાં ત્રસ મરે એવો માંસ જેવો ખોરાક આવું સાંભળનારને
ન હોય ભાઈ! આ તત્ત્વને સાંભળવાને તું લાયક હોય તો ભાઈ! જેમાં
ત્રસની ઉત્પત્તિ હોય તે ખોરાક ન હોય. ત્રસ ઉત્પન્ન થાય એવા અથાણા

આદિ પણ ન હોય. જેને ઇન્દ્રો સાંભળે એવી પરમાત્માની આવી ઉત્કૃષ્ટ વાણી સાંભળનારને ત્રસની ઉત્પત્તિનો ખોરાક ન હોય. વાતો મોટી મોટી કરે ને ત્રસનો ખોરાક હોય અરેરે! ભલે તે ધર્મ નથી, તે હેય છે, પણ આ સાંભળનારને ત્રસનો ખોરાક ન હોય; એ પહેલાંમાં પહેલી પાત્રતા છે તેમ પુરુષાર્થસિદ્ધિ-ઉપાયની ગાથા ૬૧ તથા ૭૪ માં કહ્યું છે. ૪૭.

* અનંતકાળમાં મહાવ્રતાદિ દ્રવ્યલિંગ તો અનંતવાર પાળ્યા પરંતુ આત્માને જાણ્યો નહીં તેથી અહીં આચાર્ય મહારાજ કહે છે કે '**प्रथममेवात्मा ज्ञातव्यः**' અર્થાત્ સૌ પ્રથમ આત્માને જાણવો જોઈએ. અનાદિથી પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં તે તરફ દૃષ્ટિ કરી નથી તેથી આત્મા જણાયો નથી માટે હવે તો પહેલાંમાં પહેલો આત્માને જાણ. વિકલ્પ ઉઠે છે રાગ ઉઠે છે તેનાથી ભિન્ન આત્માને પર્યાયમાં જાણવો. જ્ઞાનની પર્યાય તો અનિત્ય છે, અવસ્થા છે પણ તેમાં જાણવો કોને ?–કે ધ્રુવ આત્માને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પ્રથમમાં પ્રથમ જાણવો. ૪૮.

* આવા શાસ્ત્રને ભણીને બંધના નાશને માટે કરવાનું તો આ છે. બીજાને સમજાવતાં આવડે-ન આવડે તેનું કાંઈ પ્રયોજન નથી. હું નિજ નિરંજન શુદ્ધ આત્મા છું, અંજન-મેલ મારામાં નથી. આનંદકંદ પ્રભુ છું. ભગવાન આત્માના સ્વભાવને મેલ શા ? એ તો પર્યાયને અંજન છે. વસ્તુને અંજન શા ? એ તો ઊણપ વિનાનો, આવરણ વિનાનો શુદ્ધ આત્મા છે. તેની સમ્યક્ શ્રદ્ધા કરવી એ જ્ઞાનીની આજ્ઞા છે. અમને પણ માનવું છોડી દે ને તારી પર્યાયને પણ માનવું છોડી દે, પણ નિજ નિરંજન શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા કરવી-એમ જ્ઞાનીની આજ્ઞા છે. છ-દ્રવ્યની શ્રદ્ધા કે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા એમ ન કહેતાં નિજ નિરંજન શુદ્ધાત્માની શ્રદ્ધા કરવી એનું નામ શ્રદ્ધા છે. પરનું કે દેવ-શાસ્ત્ર-ગુરુનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ નિજ નિરંજન શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. નિજ નિરંજન શુદ્ધ આત્માનું અનુષ્ઠાન તે સમ્યક્ચારિત્ર છે. ચરણાનુયોગના વ્યવહાર-આચરણ તે સમ્યક્ચારિત્ર નથી. મહાવ્રતાદિ તે આત્માનું ચારિત્ર નથી. આકરું લાગે પણ ભાઈ ભવના અંત માટેનો આ ભવ છે. ભવના છેડા માટેની આ વાત છે. અત્યારે નહીં સમજે —'ટાણા

આવ્યા છે ને નહીં સમજે'–તો ક્યારે સમજશે? ન સમજે તો
એ તો ઢોર સમાન છે. ૪૯.

* મોક્ષપાહુડમાં '**परदव्वाओ दुग्गई**' કહ્યું છે અને પ્રવચનસારમાં
કહ્યું કે પરદ્રવ્ય એવા અર્હંતને જાણતાં સમ્યગ્દર્શન થાય છે પણ તેનો
અર્થ?—કે મારો આત્મા અર્હંત જેવો ને જેવડો છે એમ જાણવા માટે
અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે એમ કહેવું
છે. શાસ્ત્રમાં તો એમ કહે છે કે પરલક્ષી જ્ઞાન છે તે આત્મજ્ઞાનનું કારણ
નથી ને અહીં તેને કારણ કહે છે. ૩૧ મી ગાથામાં એમ કહે છે કે
ઇન્દ્રિયથી થતું ભાવ–ઇન્દ્રિયજ્ઞાન તે ઇન્દ્રિયજ્ઞાન છે, ભગવાનના લક્ષે ને
ભગવાનની વાણીથી થયેલું જ્ઞાન તે પરલક્ષી જ્ઞાન છે. તેનું લક્ષ છોડીને પોતાના
સ્વભાવના લક્ષમાં જાય છે—અતીન્દ્રિય આનંદની દશામાં તેને અનુભવે
છે તેને જિતેન્દ્રિય જિન કહે છે. શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે જે કોઈ
ખરેખર અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એટલે કે એના જેવો હું છું
એમ જાણીને આત્મા તરફનું વલણ કરે છે તેણે ખરેખર અર્હંતને જાણ્યા
છે. જેને અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ત્યાં ઊભું રહેવું છે તેની
વાત નથી લીધી. કઈ અપેક્ષા છે ભાઈ!—તે સમજવી જોઈએ. ૫૦.

* ત્રણકાળ ત્રણલોકની જે પર્યાયો છે તે બધી જ્ઞેય તરીકે કેવળજ્ઞાનની
પર્યાયમાં અર્પાઈ જાય છે. જેટલા જ્ઞેયો છે તેની ભૂત–વર્તમાન–ભાવિની
બધી પર્યાયો એક સમયમાં જ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જાય છે—જણાય
જાય છે. ગયા કાળની ને ભવિષ્યની ને વર્તમાનની બધી પર્યાયો જાણે
સ્થિર હોય એમ અકંપપણે જ્ઞાનને જ્ઞેયપણે અર્પે છે—જ્ઞેયપણે વર્તે છે.
આવું ક્રમબદ્ધ સ્વરૂપ છે તેને જે માનતો નથી તે વસ્તુની સ્થિતિને
માનતો નથી ને વસ્તુની સ્થિતિને માનતો નથી તે કેવળજ્ઞાનને જ
માનતો નથી. ૫૧.

* હે જીવ! તું અવ્યક્ત છો તેને તું જાણ. જાણનારી પર્યાય કોને
જાણે?—કે અવ્યક્તને જાણે. આચાર્યદેવને કરુણાનો વિકલ્પ આવ્યો
છે તેથી આ શુદ્ધાત્માનો ઉપદેશ કર્યો છે. શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં દૃષ્ટિ

કરવાથી વર્તમાન પર્યાયમાં શુદ્ધ આનંદ-કંદનો ભાવ પ્રગટ થાય છે. અહીં એ જ કહે છે કે પોતાના જીવ અપેક્ષાએ છ દ્રવ્યસ્વરૂપ લોક આ જીવ નથી તેથી અજીવ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક કહીને છ દ્રવ્ય સિદ્ધ કર્યાં ને પછી કહ્યું કે તે લોક જ્ઞેય છે એમ હે જીવ તું જાણ ! છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે, પ્રગટ છે, બાહ્ય છે અને અંતરમાં અવ્યક્ત સૂક્ષ્મ છે એ જીવને તું જાણ!—એમ કહે છે. ૫૨.

* ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન-વચન-કાયાથી ને કૃત-કારિત-અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. ૫૩.

* શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે, આત્મભાવના કરવી. શું?—કે ત્રિકાળી જ્ઞાનાનંદ સહજ સ્વભાવી તે હું છું. શ્રીમદ્રાજચંદ્રમાં પણ આવે છે કે 'આત્મ-ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' — તે આ આત્મભાવના. સ્વાભાવિક જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ તે હું છું પણ ભેદ તે હું નહીં. રાગ તો હું નહીં પણ ભેદ પણ હું નહીં, હું તો સ્વાભાવિક સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે એવો એક છું. શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે. ચારે અનુયોગનો સાર આ છે. કેવો છે જ્ઞાનાનંદ?—કે સ્વાભાવિક સહજ શુદ્ધ જ્ઞાનાનંદ છે, કૃત્રિમ નથી. પરના કરવાવાળો તો નથી પણ રાગવાળો છું તેમ પણ નથી. અરે! પર્યાયવાળો છું તેમ પણ નથી. શ્રી સમયસારની ૩૨૦ ગાથાની શ્રી જયસેનાચાર્યકૃત ટીકામાં આવે છે કે ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું,' પરંતુ એમ નથી ધ્યાવતા કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' ૫૪.

* ભગવાન આત્મા ચેતનામાત્ર વસ્તુ ને કર્મપિંડ અથવા મોહ-રાગાદિ અશુદ્ધ પરિણતિ ભિન્ન છે, કેમ કે ઉપયોગ અંદર વાળતાં અશુદ્ધતાનું ક્ષેત્ર ને ભાવ ભિન્ન રહી જાય છે. ઉપયોગને અંદર વાળતાં તેના ક્ષેત્રમાં અશુદ્ધતાનું ક્ષેત્ર આવતું નથી. અશુદ્ધ પરિણામનો અંશ બહાર રહી જાય છે. તેથી તેનું ક્ષેત્ર પણ બહાર રહી જાય છે. અશુદ્ધતા છે તો અસંખ્ય પ્રદેશમાં પણ શુદ્ધ ઉપયોગના ક્ષેત્રથી ભિન્ન તેનું ક્ષેત્ર છે. જેમ શુદ્ધ ઉપયોગ અંદર વાળતાં અશુદ્ધતાનો ભાવ બહાર રહી જાય છે તેમ તેનું ક્ષેત્ર પણ બહાર રહી જાય છે. એક બાજુ આત્મા ને બીજી બાજુ કર્મ તથા વિકારી ભાવકર્મ એ ભિન્ન ભિન્ન છે, બેના ભાવ જુદા, ક્ષેત્ર જુદું ને તેનું ફળ જુદું છે. ૫૫.

* પ્રભુ! તું કોણ છે તેની તને ખબર નથી તેથી મિથ્યાત્વભાવથી અનંતા નરકના ભાવ કર્યા કે જેના એક સમયના દુઃખનું વર્ણન કરોડો ભવ ને કરોડો જીભથી ન થઈ શકે. પણ એ બધું તું ભૂલી ગયો ભાઈ! અને અત્યારે પાંચ-પચ્ચીશ લાખ રૂપિયા મળ્યા ત્યાં....પણ ભાઈ! સ્વર્ગમાં પણ અનંતવાર ગયો છે. ભગવાન તો કહે છે કે અનંતકાળે એકવાર મનુષ્યભવ મળે તોપણ અનંત મનુષ્યભવ મળ્યા, મનુષ્યભવ કરતાં અસંખ્યાત ગુણા ભવ નરકના કર્યા એટલે કે એક ભવ મનુષ્યનો ને અસંખ્ય ભવ નરકના એમ અસંખ્યાત અનંતભવ નરકના કર્યા. એવા એક નરકના ભવ કરતાં અસંખ્યાત ગુણા ભવ સ્વર્ગના કર્યા. એનો અર્થ શું?-કે શુભભાવ કરીને સ્વર્ગમાં જાય એટલે કે સ્વર્ગમાં જાય એવા શુભભાવ તો અનંતવાર કર્યા પણ જન્મ-મરણને મટાડે એવું આત્મજ્ઞાન કદી ન કર્યું. અનાદિનો આત્મા કે જેનો અંત નથી તે ૮૪ લાખ યોનિમાં અનંતકાળથી રખડી રહ્યો છે. પૈસા મળ્યા, સ્વર્ગના ભવો મળ્યા, પણ અનંત ભવમાં એક આત્મા ન મળ્યો! એક સમયમાત્ર પણ અતીન્દ્રિય આનંદના નાથ પ્રભુનું આત્મજ્ઞાન ન કર્યું. ૫૬.

* વસ્તુમાં અધિકરણ નામનો ગુણ છે, તેના આધારે વસ્તુ ટકી રહી છે, અન્યના આધારે નથી. આત્મા શરીરના આધારે નથી રહ્યો, શરીર પાટના (-ખુરશીના) આધારે રહ્યું નથી, પાટ જમીનના આધારે

રહી નથી. એક રજકણ બીજા રજકણના આધારે રહ્યું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-કર્મ-કરણ કે આધાર નથી. સાંભળજે ભાઈ! આ ભગવાનની વાણીનો પડકાર છે. આત્મવસ્તુ ચમત્કારીક ચીજ છે. એવા આત્માનો વિશ્વાસ....વિશ્વાસ....વિશ્વાસ આવવો જોઈએ, 'વિશ્વાસે વહાણ તરે છે.' પાણીના આધારે વહાણ તરતું નથી, વહાણ વહાણના આધારે તરે છે. આવી વસ્તુની સ્થિતિ છે. આત્મા વિશ્વનો પ્રકાશક છે. વિશ્વ એટલે અનંત પદાર્થો, એ અનંત પદાર્થોની અસ્તિ પોત પોતાથી જ ભિન્ન-ભિન્ન અસ્તિત્વરૂપે રહી શકે છે. જો એક પદાર્થ બીજા પદાર્થના આધારે રહે તો અનંત પદાર્થોની અસ્તિ સિદ્ધ થઈ શકે નહીં. બીજા સંયોગી દ્રવ્યથી જોવું એ તો સંયોગદષ્ટિ છે. વસ્તુના ચમત્કારીક સ્વભાવથી જોવું તે સ્વભાવદષ્ટિ છે. ચૈતન્યવસ્તુનો સ્વભાવ તો ચમત્કારીક છે જ, પણ દરેક પદાર્થનો સ્વભાવ પણ ચમત્કારીક છે. ૫૭.

* વસ્તુમાં ગુણ-ગુણીના કે બીજા કાંઈ પણ ભેદ નથી. રાગ મારો એમ તો નથી પણ ષટ્કારકોના, ઉત્પાદ્-વ્યય-ધ્રુવ કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આહાહા! અમૃતચંદ્રાચાર્યનો કોઈ પણ શ્લોક હો. અદ્ભુત વાત છે. વસ્તુમાં કોઈ પણ ભેદ નથી તો છે શું?-કે એ તો નિર્વિકલ્પમાત્ર ચૈતન્યવસ્તુનું સત્ત્વ છે. જ્ઞાયક સત્ત્વ છે. કેવો છે ચૈતન્યભાવ?—કે વિભુ છે અર્થાત્ પોતાના સ્વરૂપમાં વ્યાપનારો છે. પોતાના વિશેષણોમાં વ્યાપનારો, ગુણોનો એકરૂપ વિભુ છે. પોતાના સ્વરૂપમાં વ્યાપનારો ચૈતન્યવિભુ છે, પર્યાયમાં આવતો નથી એવો નિર્ણય, એવો અનુભવ પર્યાયમાં છે પણ તે પર્યાયમાં વસ્તુ આવી નથી. અનુભવથી વસ્તુ ભિન્ન છે પણ અનુભવની દષ્ટિમાં એકરૂપ વસ્તુ છે કે જે સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. અનુભવના આવા સંસ્કાર તે એક માત્ર કર્તવ્ય છે. ૫૮.

* ત્રિકાળી ધ્રુવસ્વભાવ સાર છે, તેના આશ્રયે ધર્મ થાય છે, તેની દષ્ટિ કરવાથી ધર્મ થાય છે. એ સિવાય બધું થોથા-વ્યર્થ છે. ન્યાયના ગ્રંથમાં ધર્મી ને ધર્મ બે ભિન્ન છે એમ કહ્યું છે, બન્ને નિરપેક્ષ છે, સત્ છે. અહીં કહે છે કે સમસ્ત નાશવાન ભાવોથી ધર્મી દૂર છે. સંવર

અધિકારમાં કહ્યું છે કે વિકારનો પ્રદેશ ભિન્ન છે. ચિદ્દવિલાસમાં કહ્યું છે કે પર્યાયનું ક્ષેત્ર ને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. ૫૯.

* કોઈ પણ પર્યાય હો, ચાહે તો કેવળજ્ઞાન કે મોક્ષની પર્યાય હો પણ તેની મુદત એક સમયની હોવાથી તે નષ્ટ થવા યોગ્ય છે. સમસ્ત પર્યાયો નષ્ટ થવા યોગ્ય છે. સંવરની પર્યાય હો પણ તે નષ્ટ થવા યોગ્ય છે. કેમ કે એક સમયની છે ને ! તે અપેક્ષાએ નષ્ટ થવા યોગ્ય છે અને ત્રિકાળી તત્ત્વ તો છે એમ ને એમ સદાય છે. તેથી સમસ્ત નાશવાન ભાવોથી ધ્રુવસામાન્ય વસ્તુ દૂર છે, ભિન્ન છે. દૂર એટલે ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. સહ્યાદ્ર ને વિંધ્યાચળ પર્વતની જેમ ભિન્ન ભિન્ન ક્ષેત્ર છે એમ નહીં, પણ પર્યાયમાં ધ્રુવ નથી ને ધ્રુવમાં પર્યાય નથી. તેથી નાશવાન ભાવોથી ધ્રુવ સામાન્યવસ્તુ દૂર છે. ૬૦.

* દ્રવ્યસ્વભાવ વડે વિભાવરૂપ પરિણમન નથી થયું. અકષાયસ્વભાવનો સાગર પ્રભુ પોતાના સ્વભાવ વડે કષાયરૂપ નથી પરિણમતો તેથી જ્ઞાની દયા–દાન આદિ કે અવ્રત આદિના વિભાવભાવોને પરપણે જાણે છે. જ્ઞાન–દર્શન–આનંદ આદિ સ્વભાવ વડે વિભાવભાવો વ્યાપ્ત નહીં હોવાથી જ્ઞાની ધર્માત્મા રાગાદિને પરરૂપ જાણે છે. વિકાર એ પરદ્રવ્ય સ્વરૂપ પરિણમન છે, મારી પર્યાયમાં છે પણ એ મારો સ્વભાવ નથી. તેથી જ્ઞાની તેને પરરૂપે જાણીને ત્યાગે છે. ૬૧.

* અતીન્દ્રિય આનંદના નાથની દૃષ્ટિ થઈ છે ને રાગરૂપે નહીં થનારો મારો જે દ્રવ્યસ્વભાવ છે તે રાગરૂપે થતો નથી એમ દ્રવ્યસ્વભાવમાં ઠરે છે ત્યારે રાગનું પરિણમન છૂટી જાય છે એ રાગનો ત્યાગ છે. ખરેખર તો રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ આત્મામાં નામમાત્ર છે. કેમ કે રાગરૂપે થયો નહીં ને આનંદરૂપે પરિણમતા, આત્મામાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થયો તેથી રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે. ૬૨.

* ભગવાન આત્મા કેવો છે ?—કે અવ્યક્ત છે અર્થાત છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે તે વ્યક્ત છે ને તેનાથી ભિન્ન આત્મા જ્ઞાયક છે તે અવ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે જિનેન્દ્રદેવે દેખ્યો છે, તે જ્ઞેય છે, તે વ્યક્ત છે, બાહ્ય છે અને ભગવાન આત્મા અભ્યંતર તેનાથી ભિન્ન છે. વ્યવહાર-

રત્નત્રય, દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ આદિ જ્ઞેયમાં જાય છે. આત્મા તેનાથી ભિન્ન જ્ઞાયક છે. વ્યવહારરત્નત્રય આદિ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે વ્યક્ત છે એટલે કે પ્રગટ છે, બાહ્ય છે અને ભગવાન આત્મા તેની અપેક્ષાએ અવ્યક્ત છે. ૬૩.

* પ્રભુ! તું કોણ છો એની તને ખબર નથી. તારી પૂરી વાત સર્વજ્ઞ પણ વાણીમાં કહી શક્યા નથી એવો તું મહાન છો, પણ તું અનુભવ કરે તો તને જાણે એવો છો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દૃષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ. ૬૪.

* કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અનાત્મા કહ્યો છે. કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ–આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા આત્મા નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈ નો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ–પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી. ૬૫.

* પુણ્ય–પાપ–આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા–મોક્ષ તત્ત્વ છે, નથી એમ નથી, પણ તેમાં સારરૂપ તો એક ત્રિકાળી તત્ત્વ જ છે. દ્રવ્ય અને પર્યાય એમ બન્નેને ન માને તેને તો તત્ત્વની ખબર જ નથી. આસ્રવ આદિ, સંવર આદિ ને ત્રિકાળી એમ સર્વ તત્ત્વો છે ખરા, પણ તેમાં સારરૂપ એક જ તત્ત્વ—ત્રિકાળી તત્ત્વ છે. શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં

પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી છે, પર્યાયનો અભાવ છે એમ નથી. નિયમસાર શ્લોક ૫૪ માં પણ 'સર્વ તત્ત્વો' એમ શબ્દ વાપર્યો છે, પર્યાય છે એમ સિદ્ધ કરીને કહ્યું કે તેમાં સાર એક ત્રિકાળી તત્ત્વ જ છે. અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે, ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી–ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે પણ તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ૬૬.

* ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટ્કારકથી સ્વતંત્ર જે થવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધ પર્યાયને જાણે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થ પૂર્વક થાય છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા! મોક્ષને જ્ઞાન જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતામાં થતા ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે! ૬૭.

* વિભાવ પરિણામથી શૂન્ય છે, ક્યારે?–કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો

જ છે, એટલે કે વિભાવ પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાન-સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ ?—પર્યાયદૃષ્ટિએ નહીં હો! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે અને તે જ ભૂતાર્થ છે. ૬૮.

* વિદ્યમાન નથી છતાં ભૂત-ભવિષ્યની પર્યાયો જ્ઞાનમાં સીધી જણાય છે, કે—એમ સીધી જ્ઞાનમાં જણાય છે. પ્રભુ! તારા ચૈતન્યસ્વભાવની પર્યાયનો સ્વભાવ તો જો! વર્તમાનમાં જે પર્યાય થાય તેને જાણે છે એમ નહિ પણ ભવિષ્યની પર્યાયને વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે! આહાહા! આવા કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય તેનું લક્ષ દ્રવ્યસ્વભાવ તરફ જ જાય. ત્યારે જ તેનો નિર્ણય થાય. ૬૯.

* જે સમયે જે ક્ષેત્રે જે કાળે જે નિમિત્તમાં જેની જે પર્યાય થવાની છે તે જ થશે—એ પ્રકારે માને તે સમ્યગ્દૃષ્ટિ છે—એમ સ્વામી-કાર્તિકેય-અનુપ્રેક્ષામાં ગાથા–૩૨૧, ૩૨૨ માં કહ્યું છે. આ ચર્ચવા જેવું છે. ભલે બેસતા વાર લાગે પણ ચર્ચવા જેવું છે. ભાઈ! આ તો વસ્તુનો આવો સ્વભાવ છે ને ભગવાને એ કહ્યો છે. ૭૦.

* જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેનો વિષય અવ્યક્ત છે. એ અવ્યક્તને અહીં સિદ્ધ કરવું છે. હે શિષ્ય! તારી પર્યાયમાં અવ્યક્તને જાણ કે જે પર્યાયને સ્પર્શતું નથી. આ આત્મા છે તે શરીર–વાણી–મન ને દેવ–શાસ્ત્ર–ગુરુને તો સ્પર્શતો જ નથી. કેમ કે તે અત્યંત ભિન્ન છે. હવે અહીં તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી કેમ કે પર્યાય અને દ્રવ્ય એમ બે છે. પોતાની જે નિર્મળ પર્યાય છે, મોક્ષમાર્ગની જે પર્યાય છે તેને દ્રવ્ય સ્પર્શ કરતું નથી એમ કહીને અવ્યક્ત દ્રવ્યને સિદ્ધ કરવું છે. અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતું નથી તે કારણે વ્યક્તથી ભિન્ન અવ્યક્ત છે. ૭૧.

* ભાઈ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમ પારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણસ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૭૨.

* અરેરે! આખો દિવસ સ્ત્રી–પુત્ર–પૈસા–આદિમાં પાપ આડે પુણ્ય કરવા પણ નવરો ન થાય તેની તો શું વાત! અહીં તો કહે છે કે આ શાસ્ત્ર વાંચીને, જાણીને ચૈતન્યપ્રકાશરૂપ આત્માને જાણવો. અરે! રખડતો મુસાફર અહીં (આ ભવમાં) આવી ચડયો છે, ધર્મશાળામાં રાત રોકાવા આવી ચડયો છે, આ શરીરમાં જેટલી મુદત છે એટલો કાળ રહીને બીજે શરીરે જતો રહેશે. અહીં કહે છે કે ભાઈ! તારામાં શરીર પણ નથી ને રાગ પણ નથી એવા ચૈતન્યસ્વરૂપ આત્માને દ્રવ્ય–ગુણના સ્વરૂપ વડે જાણવો. ૭૩.

* પોતાના જ્ઞાયકસ્વભાવમાં મૈત્રી હોવી જોઈએ તેને બદલે પર પદાર્થો નિમિત્ત છે તેમાં પ્રેમ વર્તે છે, ત્યાં રોકાઈ ગયો છે. જાણવાની પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી તેમાં મૈત્રી થવાથી આત્મવિવેક શિથિલ એટલે કે વિપરીત થયો છે. તેથી પોતાના આત્મા પ્રત્યે દ્વેષ વર્તે છે. સચ્ચિદાનંદપ્રભુ નિરંજન નિરાકાર આત્મા કે જે જ્ઞાન લક્ષણ વડે લક્ષિત થનારો છે તેને ભૂલીને જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞેયો નિમિત્ત છે તે જાણવા લાયક છે તેમ ન જાણતા પર પદાર્થોમાં–નિમિત્તોમાં મૈત્રી કરે છે તેથી સ્વભાવ પ્રત્યે વિપરીતતા વર્તે છે, દ્વેષ વર્તે છે. ૭૪.

* વ્યવહારરત્નત્રયના રાગને જ્ઞાન જાણે પણ વ્યવહારરત્નત્રયના રાગ વડે આત્મા જણાય એવો નથી. પ્રભુ! અંદરમાં સત્ છે ને! દેહ-દેવળમાં ચૈતન્ય હીરલો પ્રભુ બિરાજમાન છે ને! તેને શ્રુતજ્ઞાન-પ્રમાણ જાણે છે. પ્રભુ! તું અનંત ધર્મોને ધરનાર એવું દ્રવ્ય છો, જ્ઞાનની નિર્મળ પર્યાય જે ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણ તે વડે પ્રમેય થાય એવો તું છો પણ વ્યવહારરત્નત્રયના

રાગ વડે જણાય એવો નથી. ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણ વડે સ્વાનુભવપૂર્વક આત્મા જણાય છે, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૭૫.

* પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૭૬.

* ચૈતન્ય ભગવાન જ્ઞાન ને આનંદરૂપ છે, તેની સાથે દયા-દાન આદિના પરિણામને વ્યાપ્ય-વ્યાપકપણું છે તોપણ એ બે વચ્ચે સંધિ છે એટલે કે ખરેખર આત્મા રાગપણે પરિણમતો નથી, ભલે સ્થૂળપણે એમ દેખાય કે અશુદ્ધપણે આત્મા પરિણમ્યો છે. વર્તમાનમાં રાગ સાથે જીવને અજ્ઞાનપણે વ્યાપ્ય-વ્યાપકપણું થયું છે તોપણ જ્ઞાનને સૂક્ષ્મ ઉપયોગ વડે રાગથી ભિન્ન કરીને ભેદ પાડતાં ભિન્નપણાની પ્રતીતિ થાય છે. ૭૭.

* સમયસાર ગાથા-૬માં જ્ઞાયક કહ્યો, ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો તેને જ નિયમસારમાં શુદ્ધભાવ કહ્યો છે. પર્યાયમાત્રને બહિર્તત્ત્વ કહીને પરદ્રવ્ય કહીને હેય કહી છે. મુનિરાજ પરદ્રવ્યથી પરાન્મુખ છે તથા સ્વદ્રવ્યની સન્મુખ છે. તેમણે પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને તેનાથી પરાન્મુખ છે તેમ કહ્યું. પરમ સ્વભાવી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ, પરમ પારિણામિકભાવ કે જે પર્યાયને સ્પર્શતો નથી, ક્ષાયિકભાવ હો પણ તે વ્યક્ત છે તેને અવ્યક્ત-દ્રવ્ય સ્પર્શતું નથી, તે કારણે પર્યાયમાત્ર દ્રવ્યમાં છે નહિ. સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય જે ધ્રુવ-દ્રવ્યસ્વભાવ, તેમાં ઉદય આદિ ચારેય ભાવો છે નહીં. એક અપેક્ષાએ જયધવલમાં રાગાદિને પારિણામિક-ભાવ કહ્યો છે, પણ પરમ પારિણામિકભાવ તો તેનાથી રહિત છે. ૭૮.

* જ્ઞેય તે હું છું એમ જ્ઞેય-જ્ઞાયકનો સંકર-ખીચડો બનાવ્યો છે. જ્ઞેય ને જ્ઞાયકની એકતાપણાની બુદ્ધિ, સંયોગબુદ્ધિ, સંકરબુદ્ધિ એ

મિથ્યાત્વ છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને એ સિવાય દ્રવ્ય-ઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને ભગવાન ને ભગવાનની વાણી આદિ ઇન્દ્રિયવિષયો પરજ્ઞેય છે. પોતાના જ્ઞાયક અણુ-ઇન્દ્રિય સ્વભાવ સિવાયના પરને ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. બીજી રીતે ભગવાન આત્મા સિવાય પર સર્વે અજીવ છે. આ જ્ઞાયક જીવની અપેક્ષાએ તે અજીવ છે. આ જીવ નથી એ અપેક્ષાએ અજીવ છે. એ બેની એકતાના દોષનું નિરાકરણ કરીને ભગવાન આત્માની સન્મુખ થઈ ને તેમાં એકાગ્રતા કરવી એ તીર્થંકર કેવળીની નિશ્ચયસ્તુતિ છે. તીર્થંકર કેવળીની અર્થાત્ આત્માની નિશ્ચયસ્તુતિ છે. ૭૯.

* ભગવાન આત્મા જીવ છે, એ જીવ, જે છ દ્રવ્યો વ્યક્ત છે તેનાથી અન્ય છે. છ દ્રવ્યોમાં દ્રવ્ય–ગુણ તો કાયમી છે પણ જે નવી નવી પર્યાય થાય છે તે વિકૃત હો કે અવિકૃત હો પણ તે પોતાના ષટ્કારકથી થાય છે, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય એ બધા વ્યવહારના કથન છે. કેવળજ્ઞાનની પર્યાય હો કે નિગોદની પર્યાય હો પણ તે પર્યાય પોતામાં પોતાથી પોતાના કારણે છે. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દ્રવ્યોની પર્યાય પણ આવી ગઈ, દ્રવ્ય–ગુણ ને પર્યાય આવી ગયા. દ્રવ્ય–ગુણ તો પોતાને કારણે છે પણ વિકારી કે અવિકારી પર્યાય પણ કોઈના આલંબન વિના પ્રત્યેક સમયે પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. છ દ્રવ્યસ્વરૂપ લોકનું એવું સ્વરૂપ છે તે જ્ઞેય છે અને જ્ઞેય છે તેનો આત્મા જ્ઞાયક છે. પરંતુ જ્ઞાયક આત્મા તેનો કર્તા નથી, જાણનાર આત્મા પરચીજનો કર્તા નથી, પરચીજ તો જ્ઞેય છે. ૮૦.

* વ્યવહારનય એક સમયની પર્યાયને બતાવે છે પણ ત્રિકાળીની અપેક્ષાએ તે જૂઠી છે. તેથી વ્યવહારનય જૂઠા અર્થને બતાવનાર હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી છતાં તેને વ્યવહારનય બતાવે છે તેથી તેને જૂઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવ્યો છે. ૮૧.

* આહાહા! નરકમાં જીવ અનંતવાર ગયો છે, ૩૩ સાગરની

સ્થિતિએ રહ્યો છે. તેની એક ક્ષણનું દુઃખ કરોડો જીભથી કરે તોપણ તેનું વર્ણન ન થઈ શકે. અરે! તેના દુઃખનું વેદન એટલું છે કે વેદનાની રાડથી હાથી ને સિંહના કાળજા ફાટી જાય. પ્રભુ! મિથ્યાત્વના કારણે તેં આવા દુઃખો સહન કર્યાં છે. આત્માના જ્ઞાન વિના એવા દુઃખો સહન કર્યાં છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે તેને દેખ્યા વિના—ઓળખ્યા વિના બહારની રમણીય ચીજોમાં આકર્ષાઈ ગયો તેથી દુઃખી છો, માટે હવે સ્વદ્રવ્યનું જ્ઞાન કર. ૮૨.

* જેણે અરિહંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા તે આત્માને જાણે એમ જે કહ્યું ત્યાં એવો આત્મા લીધો છે કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય જાણીને ત્યાંથી લક્ષ છોડીને અંદરમાં સ્વસન્મુખ થયો છે. અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા ને જાણીને છોડી દે છે. પાઠમાં એમ છે કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને મન દ્વારા જાણ્યા ને પછી છોડી દે છે ત્યારે આત્માને જાણે છે. ૮૩.

* ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિય-જ્ઞાનથી જાણવું થાય પણ તેને ઇન્દ્રિયો વડે જાણવાનું થતું નથી, ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી. ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન અણાત્મા છે. શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે—એમ જે જાણવું થયું તે ઇન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી. ૮૪.

* ભાવકભાવ ને જ્ઞેય મારા થઈને ફરી મોહ ઉત્પન્ન કરે એ મારે નથી. કેમ?–કે મારા નિજરસથી, મારી નિજ શક્તિના સામર્થ્યથી મોહને મૂળથી ઉખાડી નાખ્યો છે. મોહ ફરી કેમ ઉત્પન્ન નહીં થાય?–કે મારા સ્વભાવના સામર્થ્યથી જ—કર્મથી કે નિમિત્તથી નહીં પણ મારા નિજરસથી જ—મોહને ઉખાડી નાખ્યો છે. મેં મારા નિજ-રસથી મોહનું મૂળીયું ઉખાડી નાખ્યું છે. આહાહા! શું સમયસાર! શું તેના કહેનાર

સંતો ! ને શું તેના શ્રોતાઓ ! જેને સમજાવ્યું છે ને જે સમજ્યો છે એવો શ્રોતા એમ કહે છે કે મારા પૂરણ સ્વભાવની સાવધાનીના સામર્થ્યથી મેં મોહને મૂળમાંથી ઉખાડી નાખ્યો છે તેથી ફરી અમને મોહ ઉત્પન્ન થવાનો નથી. ૮૫.

* જો કે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એક ક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. નિત્યદાતામ્યપણે તો નથી પણ અનિત્ય-તાદાત્મ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે. કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન-દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ આસ્રવતત્ત્વ છે ને આત્મા જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં પણ સપ્તભંગી ઊઠે છે. ૮૬.

* ભેદને અસત્યાર્થ જ કહેવો જોઈએ. શી રીતે ?–કે અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાય નહીં તેથી અસત્યાર્થ કહેવો જોઈએ. પરંતુ તેથી પર્યાય છે જ નહીં તેમ નથી. મોક્ષ અને મોક્ષમાર્ગ તો પર્યાય છે. નિત્ય એકરૂપ દ્રવ્યની દૃષ્ટિ કરતાં દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન હોવાથી જૂઠો છે. પરંતુ ભેદ નથી એમ ન સમજવું. ત્રિકાળીને અભેદ દૃષ્ટિથી દેખતાં તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદ ને પર્યાય જૂઠા છે. પરંતુ પર્યાય ને ભેદ છે જ નહીં એમ ન સમજવું કેમ કે ત્રિકાળી તો કૂટસ્થ છે, કાર્ય પર્યાયમાં છે, નિર્ણય કરનારી તો વર્તમાન પર્યાય છે. ૮૭.

* ગ્રાહ્ય–ગ્રાહક સંબંધની નિકટતાને લીધે અજ્ઞાનીને પરજ્ઞેય સાથે એકતા ભાસે છે કે શાસ્ત્ર વાંચ્યું માટે જ્ઞાન થયું, શાસ્ત્ર સાંભળવાથી મને જ્ઞાન થયું. તેથી કહે છે કે જ્ઞેયથી મને જ્ઞાન થયું એવી ભ્રમણા છોડી દે. વાણીથી મને જ્ઞાન થાય એ ભ્રમણા છોડી દે. જ્ઞાનના ક્ષયોપશમ દ્વારા—ભાવેન્દ્રિય દ્વારા ગ્રાહ્યમાં આવતાં ઇન્દ્રિયોના વિષયોને, ભાવેન્દ્રિય કે નિમિત્તની અપેક્ષા વિના પોતાના ચૈતન્યસ્વભાવનું સ્વયમેવ અનુભવમાં આવતું જ્ઞેયોના સંબંધ

વિનાનું જે અસંગપણું, તેના વડે સર્વથા જુદા કરીને ઇન્દ્રિયના વિષયોનું જીતવું થાય છે. ૮૮.

* આત્માને પુણ્ય-પાપ આદિ અનુભવમાં આવવાથી અનેકરૂપ પર્યાયની સાથે મિશ્રિતપણે આત્મા અનુભવમાં આવી રહ્યો છે. રાગની વિકલ્પવૃત્તિ અને ભગવાન આત્મા એ બે અનાદિથી મિશ્રિતપણે અનુભવાઈ રહ્યા છે. તેથી હવે શું કરવું ?—કે રાગ બંધલક્ષણ છે ને આત્મા અબંધ-સ્વરૂપ છે એમ ભિન્ન ભિન્ન લક્ષણ વડે સર્વપ્રકારે ભેદજ્ઞાનથી 'આ આત્મા તે જ હું છું' એમ અનુભવ કરવાથી મોક્ષમાર્ગની પ્રથમ શરૂઆત થાય છે. ૮૯.

* આ આત્મા કેવો છે ?—કે પરમાત્મસ્વરૂપ ભગવાન છે કે જે સમસ્ત જગતનો—સ્વ ને પરનો પ્રકાશક છે, જાણનારો છે, જાણવાનો પુંજ છે. વસ્તુ એવી ચીજ જ છે કે જે ત્રણકાળ, ત્રણલોક, અનંત આત્મા ને અનંત પરમાણુઓ, અનંત સિદ્ધ ને અનંત નિગોદના જીવને જાણનારો છે, પ્રકાશક છે. અંદરમાં જે રાગ આવે છે—થાય છે તેનો પ્રકાશક છે. સમસ્ત વિશ્વનો પ્રકાશક છે. તેથી આત્મા વિશ્વસમય છે. બધા પદાર્થને—વિશ્વને પ્રકાશનારો વિશ્વસમય ભગવાન આત્મા છે. ૯૦.

* સમ્યગ્દષ્ટિને જે તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ આવે તે ભાવને અને આત્માને એકપણાનો બંધ નથી, સંધિવાળો બંધ છે એટલે કે બન્ને ભિન્ન છે. જેમ શાસ્ત્રના બે પાનાને જુદારૂપે સંબંધ છે તેમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે તેને ને રાગરૂપ વિકારને જુદારૂપ સંબંધ છે, એકરૂપ સંબંધ નથી. પણ તે સંધિ સૂક્ષ્મ હોવાથી તેને જોવાને ઘણો સૂક્ષ્મ ઉપયોગ જોઈએ છે. જ્ઞાનનો બહુ જ સૂક્ષ્મ ઉપયોગ કરે તો રાગ ને આત્મા વચ્ચેની સંધિ છે તે જણાય, પણ સ્થૂળ ઉપયોગથી તે નજરમાં નહીં આવે કેમ કે સ્થૂળ ઉપયોગમાં તો રાગનો સંબંધ છે, સ્થૂળ ઉપયોગથી જોતાં રાગ અને આત્માની સંધિ દુર્લક્ષ્ય છે, જણાતી નથી. ૯૧.

* અર્હંતના દ્રવ્યને, ગુણોને ને પ્રગટ પર્યાયોને ખરેખર જાણે, શું કરીને જાણે ?—કે પોતાને આત્માને જાણવા માટે જાણે, તે ખરેખર આત્માને જાણે છે. જેણે ખરેખર પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા

—પોતાના આત્માને જાણવાના હેતુથી જાણ્યા—તે ખરેખર આત્માને જાણે છે. 'ખરેખર અર્હંતને જાણ' એમ કહેતાં આત્માને જાણવાના લક્ષે જાણ એમ કહેવું છે. 'ખરેખર' શબ્દમાં ઘણું વજન છે. આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વને અનંતવાર કંઠસ્થ કર્યા છે પણ એ કોઈ વસ્તુ નથી. તેથી કહે છે કે પોતાનું સ્વરૂપ કેવડું છે એ જાણવા માટે જેણે ખરેખર અર્હંતને જાણ્યા છે—લોકોને સંભળાવવા માટે કે વાતો કરવા માટે નહીં પણ પોતાના આત્માને જાણવા માટે જે ખરેખર અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. તે આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં ખરેખર તફાવત નથી. તફાવત નથી એટલે?—કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સર્વજ્ઞમાં ને પોતાના આત્મામાં તફાવત નથી. સર્વજ્ઞ જેવડી પર્યાય પ્રગટ કરે એવડી તાકાતવાળું મારું દ્રવ્ય છે માટે બન્નેમાં ખરેખર તફાવત નથી. ૯૨.

* જ્યાં સુધી પરિપૂર્ણ સ્વભાવની દષ્ટિ નથી ત્યાં સુધી પર્યાય ઉપર દષ્ટિ હોવાથી તે કાળે એટલે કે મિથ્યાત્વદશાના કાળે રાગાદિનો કર્તા થાય છે. જ્યાં સુધી સ્વભાવની દષ્ટિ થઈ નથી ત્યાં સુધી પર્યાયની દષ્ટિ હોવાથી જીવ પોતે જ રાગાદિનો કર્તા થાય છે, જીવે તે પરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કર્યા છે. કેમ?—કે જે જાણનારો હોય તે ભૂલે, પુદ્ગલ જાણનારો નથી તે વિકારને કેમ કરે? તેથી જીવ વિકારને કરે છે. કેમ કે કર્મચેતના અને કર્મફળચેતના ચેતનાની પર્યાય છે, જ્ઞાનચેતના જ્ઞાનીને હોય છે અને કર્મચેતના તથા કર્મફળચેતના જ્ઞાનીને ગૌણપણે હોય છે પણ દષ્ટિની અપેક્ષાએ જ્ઞાની તેનો જ્ઞાતાદષ્ટા છે અને પરિણમનની અપેક્ષાએ કર્તા-ભોક્તા છે. ૯૩.

* જ્ઞાયકભાવ હોવા છતાં નજરમાં આવ્યો નથી ને રાગ ઉપર દષ્ટિ હોવાથી પર્યાયમાં જે વિશ્વરૂપપણું-અનેકપણું પ્રગટ છે તેને અજ્ઞાનીઓ અનુભવે છે. વ્યવહારના વિમોહિત જીવો પર્યાયમાં જે અનેકપણારૂપ ભાવો છે તેને પોતારૂપ અનુભવે છે. એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ હોવા છતાં પર્યાયમાં જે અનેકપણું પ્રગટ છે તેને અજ્ઞાનીઓ અનુભવે છે. એકરૂપ

ચૈતન્ય જ્ઞાયકભાવ હોવા છતાં પર્યાયમાં અનેકપણું પ્રગટ છે તેને જે અનુભવે છે તે મિથ્યાદૃષ્ટિ સંસારી છે. ૯૪.

* આચાર્ય મહારાજ તો ભગવાન કહીને બોલાવે છે. કહે છે કે અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ?—કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. પ્રભુ! અંદર આનંદરસની શેરડીની કાતળી છે અને પુણ્ય-પાપના ભાવ તે શેરડીના કૂચા છે, તોપણ પુણ્ય-પાપના ભાવને વશ થઈને પુણ્ય-પાપના કૂચામાં એકત્વબુદ્ધિથી રાગાદિ જણાય છે તે હું છું એમ અજ્ઞાની માને છે તે બહિરાત્મા મૂઢ છે. મૂઢ અજ્ઞાની જીવ જ્ઞાનની જાણવાની દશામાં 'આ આત્મા છું' એમ નહીં માનતા રાગાદિ હું છું એમ માને છે. ૯૫.

* જે આત્મા છે તેમાં પરના કર્તા-કર્મ આદિ ષટ્કારકો નથી, રાગના ષટ્કારકો તેમાં નથી ને એની નિર્મળ પર્યાય છે તેના ષટ્કારકોથી પણ પાર એવો આત્મા તે હું છું. નિર્મળ પર્યાયના ષટ્કારકોથી મારી ચીજ ભિન્ન છે. પરના કર્તાપણાની કે રાગના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ નિર્મળ પર્યાયના ષટ્કારકોની પ્રક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ આત્મા પર્યાયના ષટ્કારકોથી ભિન્ન છે. મોક્ષમાર્ગના ષટ્કારકો છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. મોક્ષમાર્ગની પર્યાયના એક સમયના ષટ્કારકોની પ્રક્રિયાથી પાર-ભિન્ન નિર્મળ અનુભૂતિ-ત્રિકાળી અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું. ૯૬.

* અનાદિકાળથી તું તારી દુઃખની દશામાં રમી રહ્યો છે. આ આત્માની વર્તમાન દશામાં ભલે વિકાર હો પણ જેમ લીંડીપીપર રંગે કાળી ને કદે નાની હોવા છતાં સ્વભાવે પૂર્ણ તીખી ને પૂર્ણ લીલી છે, તેમ શરીર પ્રમાણે કદ ને પર્યાયમાં મલિનતા હોવા છતાં સ્વભાવે પરિપૂર્ણ છે, ભગવાન છે. પ્રભુ! તારામાં પરમાત્મશક્તિ પૂરી પડી છે, અંદર અતીન્દ્રિય આનંદનો ડુંગરો પડયો છે. પોતે સમયસારભૂત ભગવાન પરમાત્મા છે. અનંત જ્ઞાન અનંત આનંદસ્વરૂપ પૂર્ણ પરમાત્મા છે. ૯૭.

* આત્મા ને રાગની ભિન્નતામાં પોતાનો પુરુષાર્થ છે. રાગનો

પુરુષાર્થ કે પુણ્યનો પુરુષાર્થ નથી પણ પોતાના વીર્યનો પુરુષાર્થ છે. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય છે તેમ નથી. પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવ આવિર્ભૂત કરવામાં આવે છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે પણ તેની પ્રતીતિમાં ન હતો તે હવે પ્રતીતિમાં આવ્યો તેથી આવિર્ભૂત કરવામાં આવ્યો તેમ કહ્યું છે. જ્ઞાયકપણે પ્રભુ જણાતો ન હતો ને રાગપણે જણાતો હતો તે હવે પુરુષાર્થ દ્વારા જ્ઞાયકપણે જણાયો તેથી જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો કે જે સહજ એક છે. પર્યાયમાં જ્ઞાયકભાવ આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકભાવ જણાય છે. ૯૮.

* દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં શુદ્ધનયે એકલા ત્રિકાળી શુદ્ધને જ બતાવ્યો છે. ગુણ-પર્યાયની અનેકતા હોવા છતાં શુદ્ધનયથી એકપણાનો નિર્ણય કરાવ્યો છે. એકપણાનો નિર્ણય કર તો તને સમ્યગ્દર્શન થાય. શુદ્ધનયે જે એકપણાનો નિશ્ચય કરાવ્યો એ ચીજ શું છે?—કે પૂર્ણજ્ઞાનઘન ચીજ છે. અનંતગુણનો પુંજ-ઘન એકરૂપ છે તે શુદ્ધનયનો વિષય છે ને તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ૯૯.

* પ્રભુ! તું રાગમાં વિમોહિત થઈને પર્યાયમાં અનેકપણારૂપ ભાવો પ્રગટ છે તે-રૂપ તને અનુભવી રહ્યો છે ને જેમાં અનંત અનંત શક્તિઓ અનંત સામર્થ્યવાળી છે એવા પ્રભુની સામે જોતો નથી. જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ તો એકરૂપ છે પણ તેને ભૂલીને, પ્રગટ પર્યાયમાં જે શુભાશુભભાવ છે તેને તું અનુભવી રહ્યો છે માટે રખડવું મટતું નથી. ૧૦૦.

* પર્યાયમાં જે રાગ થાય છે તેને આત્મા તરીકે અનુભવનારાઓને આત્મા તિરોભૂત થઈ ગયો છે. રાગના સંબંધમાં રાગની રુચિમાં પડ્યો છે તેને જ્ઞાયકભાવ એકરૂપ ભાવ નજરે પડતો નથી, તેથી તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. ૮૪ લાખ યોનિની એક-એક યોનિમાં અનંતવાર ઉપજ્યો છે, કેમ?—કે તેણે રાગને પોતાનો માન્યો છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાયક આત્મા અને વિકલ્પની ક્રિયા એ બેને ભિન્ન નહીં કરનારાઓને એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો હોવાથી ૮૪ લાખ યોનિમાં રખડે છે. ૧૦૧.

* યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજુ તું થાક્યો નથી! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતા આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૧૦૨.

* આચાર્યદેવ કહે છે કે અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂકયું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમ કે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે, ભલે અજ્ઞાની છે તેને કહે છે કે તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બન્નેથી સ્થાપે છે ને! ૧૦૩.

* અરેરે! બહારની હોંશ કરે છે તે આત્માની શાંતિનો ઘાત કરે છે. આત્માને ઘાયલ કરે છે. પ્રભુ! એકવાર સાંભળતો ખરો! અનંત તીર્થંકરો ને અનંત કેવળીઓ જે કહેતાં આવ્યા છે તે આ વાત છે. ભાઈ! તું કોણ છો? કેવડો છો?—અનંત શક્તિનો નાથ જ્ઞાયકપ્રભુ છો, તેને અનુભવમાં લઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે નિર્જરા છે. પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ કર, એ જ [illegible]
કહે છે કે મુમુક્ષુને આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી.

કરવા જેવું તો આ જ છે. અરે! ૮૪ લાખ યોનિના ભવાબ્ધિમાં ક્યાંય પત્તો નહિ ખાય. એ દુઃખથી છૂટવાનો આ જ માર્ગ છે, આ જ કરવા જેવું છે. અરે! આ ભવ હાલ્યો જાય છે! આ અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે. ભાઈ! આયુષ્ય પૂરું થતાં શું થશે?—માટે આ કરી લેવા જેવું છે, તે આજે જ કરી લે. ૧૦૪.

* કહાનગુરુ-જન્મોત્સવ-નિમંત્રણ પત્રિકાની મંગલ લેખનવિધિ *

અધ્યાત્મયુગપ્રવર્તક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ કે જે વઢવાણનિવાસી રંભાબેન પોપટલાલ વોરા હસ્તે શ્રી હસમુખભાઈ વોરા તરફથી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે તેની ભવ્ય મનોજ્ઞ નિમંત્રણ-પત્રિકાની મંગલ લેખનવિધિ સુવર્ણપુરીમાં તા. ૨૮-૩-૯૩ના રોજ સવારના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજે અત્યંત આનંદ-ઉત્સાહપૂર્વક સમ્પન્ન કરી હતી. આ માંગલિક વિધિની પ્રસન્નતામાં શ્રી રંભાબેન વોરા (હા. શ્રી હસમુખભાઈ વોરા) તરફથી શ્રીફળની પ્રભાવના તેમ જ સ્વામિવાત્સલ્યભોજન રાખવામાં આવ્યા હતા. સંસારસમુદ્રમાં ડૂબતાં બચાવી લેનાર ઉપકારમૂર્તિ ધર્મપિતાની આ કલ્યાણ-વર્ષિણી જન્મજયંતીનો મંગળ મહોત્સવ ભવ્યતાપૂર્વક ઉજવવાની શ્રી હસમુખભાઈને તેમ જ તેમના ધર્મપત્ની શ્રી કળાબેનને અનેરો ઉત્સાહ વર્તી રહ્યો છે; મંડલવિધાન-પૂજનનું માંડલું આદિ તથા પરમાગમમંદિરનું આકર્ષક ભવ્ય સુશોભન તેમના ઉમંગ-ઉત્સાહને દર્શાવે છે. પ્રમુખ શ્રી હસમુખભાઈ તરફથી ઉજવાનાર આ ભવ્ય જન્મોત્સવમાં ભાગ લેવા દેશભરમાંથી ગુરુભક્તો સુવર્ણપુરીમાં આવી રહ્યા છે. નિમંત્રણ-પત્રિકાની લેખનની મંગલવિધિની પ્રસન્નતામાં રૂ. ૨૩૧૫૭/–અનેક મુમુક્ષુઓ તરફથી વિવિધ ખાતામાં જાહેર કરાયા હતા. આ પ્રસંગે ઘાટકોપર નિવાસી શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી તરફથી પણ પ્રભાવના રાખવામાં આવી હતી. —*—

* શ્રી જિનેન્દ્રપૂજાસંગ્રહ મુદ્રણાધીન છે. જે મુમુક્ષુમંડળોને તેની જરૂર હોય તેઓ પોતાને જોઈતી પ્રતો વિશે પત્રથી તુરત જાણ કરે જેથી કેટલી પ્રત છપાવવી તેનો નિર્ણય થઈ શકે. અગાઉથી જાણ કરનારને પુસ્તકો પ્રથમ આપવામાં આવશે, ત્યારબાદ પુસ્તકો હશે તો આપવામાં આવશે.

—શ્રી દિગંબર સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

—o—

લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો....ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા....ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય–અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જનમ્યા.

* આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

* આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃત–ઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

* ગુરુદેવે સંઘસહિત ઉત્તર અને દક્ષિણની મહાન તીર્થયાત્રા કરીને નગર–નગરમાં શુદ્ધાત્મતત્ત્વની દાંડી પીટીને સત્ધર્મની મહાન પ્રભાવના કરી છે. તેઓશ્રીના જ્ઞાનચક્રે આખા હિંદને ડોલાવ્યું છે, ગુરુદેવે ભારત-ક્ષેત્રમાં ધર્મના આંબા રોપ્યા છે.

* પંચપરમેષ્ઠી ભગવંતોને ઓળખાવનાર એવા હે ગુરુદેવ! આપ જિનેન્દ્રદેવના પરમભક્ત છો, પંચપરમેષ્ઠીના પરમભક્ત છો, શ્રુતદેવીમાતા આપના હૃદયમાં કોતરાઈ ગયાં છે, જિનેન્દ્ર ભગવંતો અને મુનિવર ભગવંતોનાં દર્શન અને સ્મરણથી આપનું અંતઃકરણ ભક્તિથી ઉભરાઈ જાય છે.

* આપનું અદ્‌ભૂત શ્રુતજ્ઞાન ચૈતન્યનો ચમત્કાર બતાવે છે, ચૈતન્યમય જીવન બનાવે છે. આપના આત્મદ્રવ્યમાં શ્રુતસાગરની લહેરો ઉછળી રહી છે, આત્મપર્યાયોમાં ઝગમગતા જ્ઞાનદીવડા પ્રગટી રહ્યા છે–જે આત્મદ્રવ્યને પ્રકાશી રહ્યા છે. આપનું આત્મદ્રવ્ય આશ્ચર્ય ઉપજાવે છે.

* ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે.

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું, તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ–ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન–વચન–કાયથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્ય-ચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાખે; વિષય–કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

* શાસ્ત્રોમાં ભરેલાં ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે!' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા!—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# સુવર્ણપુરી સમાચાર

—[illegible]

* આ યુગમાં સ્વાનુભવમુદ્રિત [illegible] પ્રણેતા, આ યુગના સ્વાનુભૂતિના માર્ગપ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ [illegible] શ્રી કાનજીસ્વામીના કૃપા-પ્રસાદથી જેમણે ૧૮ વર્ષની નાની ઉંમરમાં [illegible] અંત કરી દેનાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર અને પોતાના અસાધારણ [illegible] વડે, ભગવાન શ્રી સીમન્ધર-સ્વામીની દિવ્યધ્વનિમાં સાંભળેલી, [illegible] ગુરુદેવશ્રીની 'ભાવિ-તીર્થંકરદ્રવ્ય'ના રૂપમાં સાતિશય મહિમાની પ્રસિદ્ધિ [illegible] અનંત-ઉપકારી ગુરુ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરનારા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી [illegible] ૬૧ મી સમ્યક્ત્વ-જયંતી (ફાગણ [illegible]) કાનાતળાવનિવાસી (સુરતવાળા) [illegible] દેવજીભાઈ વાલાભાઈ રૂપારેલિયા ([illegible]) હા. શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ [illegible] તરફથી તા. ૧૩-૪-૯૩ થી તા. ૧૭-૪-૯૩ — પાંચ દિવસ, તેઓશ્રીના [illegible] પાવન સ્મૃતિ સહિત સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવવામાં આવી. [સમ્યક્ત્વ-જયંતી ઉજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાની ખુશાલીમાં તેમના તરફથી રૂા. [illegible] — જાહેર કરવામાં આવ્યા હતા.] આ સમ્યક્ત્વ-જયંતી મહોત્સવમાં ૮૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિ હતી. તેઓશ્રીની અનુપસ્થિતિમાં આટલી વિશાળ ઉપસ્થિતિ મુમુક્ષુસમાજની તે [illegible] આત્મા પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધા-ભક્તિ પ્રસિદ્ધ કરે છે.

સમ્યક્ત્વ-જયંતીના અવસરે પ્રતિદિન [illegible] પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ભક્તિ તેમજ [illegible]ની ધર્મચર્ચા, દેવદર્શન, [illegible] ગુરુદેવશ્રીનાં 'સમયસાર સંવર અધિકાર' ઉપર ટેપ-પ્રવચન, આદરણીય [illegible] હિંમતભાઈ જે. શાહ દ્વારા બહેનશ્રીની [illegible]-મહિમાભરી ભક્તિ તથા પરમાગમ મંદિરમાં 'ચૌસઠઋદ્ધિમંડળવિધાન' પૂજા, બપોરે [illegible] વિદ્વાનો દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્ર-પ્રવચન, જિનમંદિરમાં [illegible] પંડિતજી દ્વારા જિનેન્દ્રભક્તિ, સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં નાઈરોબીના [illegible]-પ્રવચનો અને ત્યારબાદ યાત્રા-વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન [illegible] પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા—એ રીતે અતિ રોચક કાર્યક્રમ સમ્પન્ન થતો [illegible] સમ્યક્ત્વ-જયંતીના મંગલ દિવસે પ્રાતઃ ટેપ-પ્રવચન બાદ મંડલવિધાનપૂજાના [illegible] બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીના ચિત્રપટ સમક્ષ દર્શનનો [illegible] રાખવામાં આવ્યો હતો. આ મંગલ અવસરે સર્વશ્રી દેવજીભાઈ પટેલ, ડૉ. [illegible], ચિમનભાઈ ઠાકરશી મોદી, હિમ્મતભાઈ ડગલી તેમજ સુરેશભાઈ સંઘવીના [illegible] રાખવામાં આવ્યા હતા.

તા. ૧૬ ના રોજ જિનેન્દ્રભક્તિ બાદ શ્રી સાકરબેન દેવજીભાઈ રૂપારેલિયા તરફથી પૂજ્ય બહેનશ્રીને તેઓશ્રીના નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ હીરાથી વધાવવામાં આવ્યા હતા, જેની પ્રસન્નતારૂપે તેઓ તરફથી રૂા. ૬૭૭૧/– (૧૧૧×૬૧) જાહેર કરવામાં આવ્યા હતા.

આ માંગલિક-પ્રસંગે સંસ્થાને નીચે પ્રમાણે આવક થઈ :—

| | |
|---|---|
| '૬૧'ના અંકમાં ૪૯૩×૬૧ | = રૂા. ૩૦૦૭૩-૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજામાં ૪×૧૦૦૧ | = રૂા. ૪૦૦૪-૦૦ |
| ભોજનમાં | = રૂા. ૧૩૦૦૦-૦૦ |
| આરતીમાં ૧૮૧૫ મણ | = રૂા. ૪૫૩૭-૫૦ |
| અન્ય શુભ ખાતામાં | = રૂા. ૫૯૮૬૮-૦૦ |
| | કુલ રૂા. ૧,૧૧,૪૮૨-૫૦ |

સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ (૨) કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ (૩) લલીતાબેન જયંતીલાલ મહેતા, મુંબઈ.

પ્રાસંગિક મંડલવિધાનપૂજા—

(૧) શ્રી મંગળાબેન અમૃતલાલ ચૂડગર લીમડીવાળાના સ્મરણાર્થે હા. તારાબેન નંદરબારવાળા (૨) શ્રી ત્રિવેણીબેન નરોત્તમદાસ ભાલાણી, બોટાદ (૩) શ્રી મુક્તાબેન નવલચંદ શાહ, સોનગઢ (૪) શ્રી ચીમનલાલ વીકમચંદ સંઘવી, સોનગઢ

—તરફથી રાખવામાં આવી હતી.

* આ મંગળ અવસરે પાંચ દિવસ શ્રી સાકરબેન દેવજીભાઈ રૂપારેલિયા તરફથી તેમજ શ્રી સૂરજબેન ધરમશીભાઈ મણિયાર, વઢવાણ હસ્તે બ્ર. શાંતાબેન તથા વૃજલાલભાઈ; શ્રી ભારમલભાઈ વાઘજીભાઈ હરીયા, નાઈરોબી (હાલ વાંદ્રા); શ્રી વૃજલાલ કસળચંદ સંઘવી પરિવાર, વાંકાનેર તરફથી સવારના એક-એક દિવસ સ્વામિવાત્સલ્યભોજન રાખવામાં આવ્યા હતા.

* આ મંગલ ઉત્સવ પ્રસંગે સાહિત્યમાં

૧૦ % સપાણી-પરિવાર, મુંબઈ—હૈદ્રાબાદ-મદ્રાસ; ૧૦ % શ્રી અનંતરાય અમુલખભાઈ શેઠ, મુંબઈ, ૧૦ % દિનેશભાઈ એ. મેઘાણી, મુંબઈ, ૧૦ % શ્રી કળાબેન હસમુખલાલ પોપટલાલ વોરા મુંબઈ (ચાલુ યોજના) —તરફથી ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

* આ મંગળ ઉત્સવ પ્રસંગે કેસેટ-ટેપ-પ્રવચનોમાં

(૧) સ્વ. પ્રભુલાલ મોહનલાલ ઘીયા, રાજકોટ (૨) સ્વ. કાંતાબેન મહાસુખલાલ અજમેરા, નાગપુર (૩) સપાણી-પરિવાર, મુંબઈ, (૪) અનંતરાય શેઠ, સાયન-મુંબઈ

—તરફથી ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. —૦—

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની

## તૃતીય સાંવત્સરિક સમાધિતિથિ પર સોનગઢમાં પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ

[ તા. ૪-૫-૯૩ થી તા. ૮-૫-૯૩ ]

અનંત-ઉપકાર-મૂર્તિ, સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક, પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મતીર્થ-સુવર્ણપુરીની શોભા ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સમાધિનો ત્રીજો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩, શનિવાર, તા. ૮-૫-૯૩ના રોજ છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે તા. ૪-૫-૯૩ મંગળવારથી તા. ૮-૫-૯૩ શનિવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક આધ્યાત્મિક ટેપ-પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસના, દેવ-ગુરુ-ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમ—રાખવામાં આવશે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમજ દેવ-ગુરુ-ભક્તિના પોષક આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાભક્તિવંત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

સૂચના :—આવાસ તેમ જ ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

---

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે—

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મ-જયંતીના શુભ-અવસરે તા. ૧૯-૪-૯૩, સોમવારથી તા. ૮-૫-૯૩, શનિવાર—વીસ દિવસ સુધી રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ વિદ્યાર્થીઓને સાદર નિમંત્રણ છે.

સૂચના:—(i) શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. (ii) બેડીંગ તથા અન્ય આવશ્યક વસ્તુ જરૂર સાથે લાવવી. (iii) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર અને શ્રી સમયસાર ઉપર તથા મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. જેમની પાસે આ પાઠ્યપુસ્તક હોય તેઓ સાથે લાવે (iv) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના ગામના વધુમાં વધુ મુમુક્ષુઓને લાભ લેવા પ્રોત્સાહિત કરે અને અત્રે આવનારની સંખ્યાની સંસ્થાને જાણ કરે.

## ૧૦૪ 卐 ગુરુદેવનો અપાર ઉપકાર છે 卐 ૧૦૪

આવા વિષમ કાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન ને વાણી કેટલાં દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતનાં મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. એમનાં પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય! ગુરુદેવે ભારતને ઘણું આપ્યું છે. ૪૫-૪૫ વર્ષ સુધી શ્રુતના ધોધ વરસાવ્યા છે. ભારત ઉપર તેમનો અપાર ઉપકાર છે. —પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૩ વિ. સં. ૨૦૪૯ (૫૯૪) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૦ વર્ષ-૪૯) વીર સં. ૨૫૧૯ એપ્રિલ, ૧૯૯૩

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/-

A ૨૮૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. ટ્રેનિંગ,
વાયા—[illegible] સણોસરા-૩૬૪૨૩૦ (સૌ.)